Published from : B/5, Swastik Apt.
Narayannagar, Paldi, Ahmedabad - 380 007

Published on 10th of every month
Yearly Subscription Rs. 50/-

# હરિભાવ

Year : 19 - Issue : 3

December, 2014





(અનુષ્ટુપ)

હરિના ભાવમાં મેં તો સાંઈબાબાતણા પદે,
-ભાવથી માથું મૂક્યું છે, થવા દેવા જ યોગ્ય તે.
મુશ્કેલી આવતાં કૈંક, પાસે ત્યાં દોડી આવીને,
-દર્શન, પ્રાર્થના તારી કરંતાં સ્ફૂર્તિ પામિયો.

\- શ્રીમોટા

'ભાવપુષ્પ', બી. આ., પૃ. ૩

## ॥ હરિઃૐ ॥





**સ્મરણ કેવું લૂલું લૂલું શરૂ શરૂમાં થયેલું છે !**
**છતાં શો ઝોડની પેઠે રહ્યો વળગી સ્મરણને તે !**

**સ્મરણ ઉચ્ચાર ના માત્ર, સ્મરણ છે શબ્દ ના માત્ર,**
**સ્મરણ તો ચેતનાસાંકળ જીવનને જોડવા માટ.**

'જીવન સ્મરણ', પ્ર. આ., પૃ. ૭,૨૦ - શ્રીમોટા





**દર મહિનાના બીજા રવિવારે, ૨૦/ સમેતશિખર સોસાયટી, શાંતવિન, પાલડી, અમદાવાદ- ૭. માં સ્વજનોનું નામસ્મરણ**

પ્રકાશન સ્થળ :
બી/૫, સ્વસ્તિક એપાર્ટમેન્ટ,
નારાયણનગર, પાલડી,
અમદાવાદ-૩૮૦ ૦૦૭

'હરિવાણી ટ્રસ્ટ' દ્વારા પ્રકાશિત જીવનવિકાસની ભાવના પ્રસારતું માસિકપત્ર

# હરિભાવ

સંપાદક : પ્રભુદાસ જાની
સહાયક : વિવેક દેસાઈ

વર્ષ : ૧૯ અંક : ૩ ડિસેમ્બર, ૨૦૧૪

ટ્રસ્ટીમંડળ
શ્રી ગિરીશ પંડ્યા (મેનેજિંગ ટ્રસ્ટી)
શ્રી પ્રભુદાસ જાની
શ્રી વિવેક દેસાઈ
શ્રી બીરેન પટેલ
શ્રીમતી દર્શિની સુનીલ ઉપાધ્યાય
શ્રીમતી નીમા મીનેષ અમીન

**સરનામાના ફેરફાર અંગે, 'હરિભાવ' ન મળવા અંગે તથા પૂછપરછ સંપર્ક : શ્રી સુરેશ વોરા (મો.) ૯૪૨૭૫૫૪૩૯૧**

**વાર્ષિક લવાજમ**
ભારતમાં રૂ. ૫૦/-
પરદેશ રૂ. ૬૦૦/- (એરમેઈલથી)
એકથી વિશેષ વર્ષોનાં લવાજમ સ્વીકારાય છે.

**પત્રવ્યવહાર/લવાજમ/ભેટ/મોકલવા માટે**
'હરિવાણી ટ્રસ્ટ'
C/o. ૧૧, દાદા રોકડનાથ સોસાયટી,
નારાયણનગર, છેલ્લા બસ સ્ટેન્ડ પાસે,
પાલડી, અમદાવાદ-૩૮૦૦૦૭
ફોન : (૦૭૯)૨૬૬૩૫૮૭૩
ભેટની રકમ ઈન્કમટેક્સ એક્ટની
કલમ ૮૦(જી) (૫) નીચે કરરાહતને પાત્ર છે.
ચેક/ડીડી 'હરિવાણી ટ્રસ્ટ' ના નામે લખવો

**ઈ-બેંકિંગ : હરિવાણી ટ્રસ્ટ**
બચત ખાતા નં.: **૧૬૮૭૦૧૦૦૦૦૩૦૮૮**
યૂકો બેંક, નારાયણનગર બ્રાંચ, અમદાવાદ.
IFS Code : UCBA0001687
બેંક દ્વારા રકમ મોકલતાં તેની સ્લીપ, નામ, સરનામું અને ફોન નંબર સાથે વિગત અમોને મોકલશોજી

હરિ:ૐ આશ્રમ, સુરત ફોન : (૦૨૬૧) ૨૭૬૫૫૬૪

ટાઈપ સેટિંગ : **અર્થ કૉમ્પ્યુટર**, (૦૭૯)૨૭૫૪૩૬૯૯

* Subject to Ahmedabad Jurisdiction

## અનુક્રમ

૧. બુદ્ધિમાં સમતા એનું નામ યોગ ................ શ્રીમોટા ૪
૨. મોટાએ મારી જીવનદૃષ્ટિ બદલી ....... શ્રી નંદુભાઈ શાહ ૫
૩. દયાની દોલત .............................. સંત પુનિત ૭
૪. કાવ્યોના બે પ્રકાર ............................ શ્રીમોટા ૧૧
૫. સતયુગના સંતાન .......... પૂર્ણચંદ્ર સૂરિશ્વરજી મહારાજ ૧૨
૬. પૂજ્ય શ્રીરંગ અવધૂતની નર્મદા પરિક્રમા . ડૉ. અરુણ શેલત ૧૩
૭. દૈવી અને આસુરી વૃત્તિઓ .................. વિનોબાજી ૧૫
૮. લેખકના બે બોલ : 'નિમિત્ત' ................. શ્રીમોટા ૧૮
૯. મૌનરૂમનો પ્રયોગ .................... રોબિન આર્મસ્ટ્રોંગ ૨૦
૧૦. ધરતીનો છેડો ઘર ................ સ્વામી માધવપ્રિયદાસ ૨૩
૧૧. અહંકારનું ઉન્નયન .......................... શ્રી મોટા ૨૬

## જ્ઞાનદાન : સૌજન્ય

સુરત નિવાસી પૂજ્ય શ્રીમોટાના સ્વજન સદ્‌ગત નટવરલાલ વિઠ્ઠલદાસ વાંકાવાળાની પુણ્યસ્મૃતિમાં **શ્રી નિર્મળાબહેન નટવરલાલ વાંકાવાળા** પરિવાર તરફથી અને

અમદાવાદ નિવાસી પૂજ્ય શ્રીમોટાના સ્વજન અને હરિવાણી ટ્રસ્ટના સદ્‌ગત મા. પ્રમુખશ્રી લક્ષ્મીપ્રસાદ સી. અમીનની પુણ્યસ્મૃતિ (૯-૧૧) નિમિત્તે **શ્રી મીનેષકુમાર લક્ષ્મીપ્રસાદ અમીન** પરિવાર તરફથી

'હરિભાવ'ના આ અંકના પ્રકાશનમાં સહયોગ અપાયો છે.

તેઓના સૌજન્ય બદલ આ બંને પરિવારના અમો ખૂબ ખૂબ આભારી છીએ. **-સંપાદક**

# (૧) બુદ્ધિમાં સમતા એનું નામ યોગ

**શ્રીમોટા**

મળેલું કર્મ પણ જીવનથી નિરાળું નથી. એટલે તે પણ યોગ્ય ભાવે અને યોગ્ય રીતે કરવાનું જ છે, પણ જો આપણે આપણા પોતાનામાં જ પૂરેપૂરાં યોગ્ય રીતે સતત ગંગધારાવત્ સ્થિર અને રત થયા હોઈશું, તો તેમાંથી એક એવી હૈયાસૂઝ અથવા હૈયા ઉકેલની શક્તિ પ્રગટી જાય છે, કે પછી કોઈ કર્મ વિશે આપણે વિચાર કરવાનાં રહેતાં નથી. જે જે સમયે જે જે બન્યા કરે છે તે સમયે તેનો ઉકેલ કેમ લાવવો, તેનું માર્ગદર્શન આપોઆપ પ્રભુકૃપાથી મળ્યા કરે છે.

આપણી આંખથી કોઈ પદાર્થને જોવામાં કશા વિચાર કરવા પડતા નથી. તે તરફ લક્ષ ગયું કે એ પદાર્થ દેખાયો જ. તેવી રીતે આ હૈયાસૂઝથી નવાં ઊઘડેલાં જ્ઞાનચક્ષુ જે પ્રશ્ન તરફ લક્ષ આપે તેનો ઉકેલ પણ તેને તરત બતાવી શકે છે. એટલે પછી બુદ્ધિથી દરેક પ્રશ્નની બંને બાજુઓ પૂર્વપક્ષ અને ઉત્તરપક્ષ વિચારી વિચારીને તેના તેવા નિર્ણય વડે કામ લેવાની જરૂર નહિ રહે.

પછી તો બુદ્ધિના ઉકેલ કરતાં હૈયાની આંખનો ઉકેલ યોગ્ય હોય છે એવું અનુભવીશું. હાલ તો કોઈ એવું મહત્ત્વનું લાગતું કામ થતાં પહેલાં એના વિશે પુષ્કળ વિચારો આવે છે અને તે થઈ ગયા પછી તેના ઊંડા સંસ્કાર તે મૂકતું જાય છે તથા, તેની છાયા પણ કેટલાક વખત સુધી આપણને ઘેરી વળે છે. આવું બધું ધીમે ધીમે ઓછું થઈ જઈ છેવટે તે વિલય પામી જશે અને કામ પૂરું થતાં તે અંગેના વિચાર પણ બંધ થઈ જશે. આવી યોગ્ય માર્ગ બતાવતી હૃદયની આંખ ખૂલે છે, એ તો અનુભવનો વિષય છે. તે બુદ્ધિથી કેમ સમજાવાય ?

જ્યારે સર્વ દેશના અને સર્વ કાળના સત્પુરુષો 'સર્વજ્ઞ', 'સર્વવ્યાપી', 'સર્વ-શક્તિમાન' વગેરે વિશેષણોથી ભગવાનને નવાજે છે, ત્યારે તે બધાયનાં એકમતવાળાં કથનમાં વજૂદ તો હોવું જોઈએ. એ તર્કશુદ્ધ વિચાર છે.

સત્પુરુષોને એવા અનુભવો થયા, કારણ કે એમના હૃદયના તાર સર્વશક્તિમાન ભગવાનની સાથે જ્ઞાનભક્તિપૂર્વક સંધાઈ ગયા હતા. હવે, 'જે જેનું ચિંતન કરે, તે તેમય થઈ જાય', એ તો માનસશાસ્ત્રીય હકીકત પણ બુદ્ધિગ્રાહ્ય છે. મુક્તાત્માઓ સર્વશક્તિમાન એવા શ્રીભગવાન સાથે એકાકાર, તાદાત્મ્ય થઈ ગયા તેથી તેમનામાં પણ એવી શક્તિઓ પ્રગટી જાય છે અને લોકોને ચમત્કાર લાગે એવાં કાર્યો પણ તેમના દ્વારા થતાં હોય છે. આ વાત બુદ્ધિથી પણ સ્વીકારી શકાય તેમ છે.

બુદ્ધિથી સમજાય એવી આ હકીકત છે. એટલે બુદ્ધિની સંપૂર્ણ નિર્મળતા અને સમતા પ્રગટતાં જીવનમાં જ્ઞાનદૃષ્ટિ અને સાચી હૈયાસૂઝ પ્રગટે છે અને તેવી વેળાનો નિર્મળ થયેલી બુદ્ધિનો નિર્ણય સાચો હોઈ શકે છે. એટલે આપણે પણ આપણી બુદ્ધિ તેવી થાય તે હેતુથી ખંતથી જાગૃત થઈ થઈને મથવાનું છે. **બુદ્ધિમાં સમતા પ્રગટે એનું નામ યોગ છે.**

'જીવન સંશોધન', પ્ર. આ., પૃ. ૪૬ ❑

## (૨) મોટાએ મારી જીવનદૃષ્ટિ બદલી

**શ્રી નંદુભાઈ શાહ**

મારો સ્વભાવ એવો કે પૈસાનો પૂરેપૂરો હિસાબ રાખું. કુટુંબમાં ખર્ચ કર્યું હોય તોપણ ચોપડામાં લખું. મોટાએ મને એક વખત કહ્યું, 'આ તમે શું કરો છો ? કુટુંબનાં છોકરાંઓ માટે કે બા માટે પૈસા ખરચો એ કંઈ ચોપડામાં લખાતા હશે ? તમે ભાઈઓ લાખો રૂપિયા કમાઓ છો અને બેપાંચ રૂપિયા કુટુંબમાં વપરાય એને ચોપડામાં ખતવાતા હશે ?' મોટાએ આટલું કહ્યું ત્યારે મારો જીવ ખુલ્લો થયો. આવી પણ ગ્રંથિ હોય છે.

હિમાલય યાત્રા દ્વારા પ્રકૃતિ પ્રત્યે પ્રેમ કેળવવાનો અભ્યાસ મને મોટાએ કરાવ્યો. વળી, મને તો એમ જ કે નદીમાં જે પાણી છે એ જ પાણી નળમાં આવે છે, તો પછી નદીએ નાહવાની શી જરૂર છે ? મારી આ ગ્રંથિ મોટાના સમાગમથી તૂટી ગઈ. કુંભકોણમ્‌માં કાવેરી નદીમાં હુ ત્રણચાર વાર નહાતો હતો.

આવું જ મારી સ્વાદવૃત્તિની બાબતમાં બન્યું છે. (મારાં ધર્મપત્ની) કાંતાને મીઠું ખાવાનું વૈદ્યે બંધ કરાવેલું. એટલે એને સાથ આપવા મેં પણ મીઠું છોડેલું, પરંતુ મને સલાહ આપવામાં આવી કે નાનપણથી જ મીઠું ન લેતા હોવ તો વાત જુદી છે. બાકી તો આમ જ મીઠું લેવાનું બંધ કરો તો જ્યારે શરીરને કંઈક થશે ને મીઠું બંધ કરવાનું આવશે ત્યારે એની અસર નહિ થાય. માટે શરીરને પ્રમાણસર મીઠું તો આપવું જ જોઈએ. ક્રમશઃ મીઠું ઓછું લેવાનું રખાય પણ તદ્દન બંધ ન કરી દેવું. કાંતાને સ્વાદિષ્ટ રસોઈ બનાવવાનું મોટાએ શીખવ્યું. બાકી હું તો બાફેલું પણ ખાઈ લેતો. ગૃહસ્થજીવન કેવી રીતે ગાળવું અને સંસારમાં કેમ રહેવું એ અમને મોટાએ શીખવ્યું.

મોટાએ બધી રીતે મને સુધાર્યો છે. મારે પત્ની સાથે કેવી રીતે વર્તવું એ પણ એમણે મને શીખવ્યું છે. પત્ની પ્રત્યેનું મારું વલણ જોહુકમીભર્યું હતું એમ કહેવાય. એ વલણ પણ તદ્દન બદલાઈ ગયું. હવે તો મને એવું કશું જ નથી. કશું માગ્યા કે બોલ્યા વિના રહી શકાય એવી સ્થિતિ પણ રહે છે. જે તે કંઈ બને છે કે આવી મળે છે, એ બધું જ કલ્યાણકારી છે એ વાત મને દૃઢ થઈ ગઈ છે.

મોટા સાથે હિમાલયની યાત્રાએ જઈ આવ્યા પછી પ્રકૃતિનાં દર્શનનો મને મહિમા સમજાયો. છોકરાંઓને લઈને હું ફરી હિમાલય જઈ આવ્યો એ જ મોટો પુરાવો. આજે તો મને ઝાડ જોઈને આનંદ થાય છે. ફૂલ-છોડને જોઈને ખુશી ઊપજે છે. ગુલાબ જોવું મને ખૂબ ગમે છે.

કુંભકોણમ્‌માં કાવેરી નદી ઉપર આશ્રમ છે. ખૂબ રમણીય છે. તોય મોટા કેટલીર વાર ખાવાનું બનાવરાવી પંદર-વીસ માઈલ દૂર વધારે એકાંત અને રમણીય જગાએ જઈને ખાવાનું કરાવતા. મને થતું કે અહીં પણ ઉજાણી જેવું જ કરી શકાય તેમ છે, તો પછી પંદર-વીસ માઈલ દૂર જવાની શી જરૂર ? મને એ વખતે આવું બધું ગમે નહિ. તોય મોટા તો કહે કે તમારે ના આવવું હોય તો ના આવશો. અમે તો જવાના. મારાં આવા શુષ્ક અને જડતાભર્યા વલણો પલટી દેવાનું મોટાને લીધે બનતું.

મોટાની સાથે રહીને મારી પ્રકૃતિમાં ઘણો

ફેર પડ્યો છે. અમારા કુટુંબના સભ્યોને લઈને મોટા ફરવા જાય અને પછી પૈસાનો હિસાબ આપે. નાસ્તાના-વાહન ખર્ચના એમ ખર્ચનો હિસાબ લઈ ચોપડીમાં હું નોંધી રાખતો. આવા સ્વભાવવાળો હું હતો, પણ ૧૯૪૬માં મૌનઅનુષ્ઠાન પછી મને જે ટ્રાન્સનો અનુભવ થયો ત્યારે મારી બધી જ મિલકત મોટાને આપી દેવાનો ઉમળકો અને દૃઢ નિશ્ચય પ્રગટ્યો એ વાત જેવી તેવી નથી.

'શ્રીમોટા સાથે હિમાલય યાત્રા', પ્ર. આ., પૃ. ૨૫ ❑

## 'હરિવાણી ટ્રસ્ટ'ને મળેલ દાન-ભેટ

-સંપાદક

| ક્રમ | સર્વેશ્રી નામ | ગામ | રકમ રૂ. |
|---|---|---|---|
| ૧. | સદ્‌ગત નટવરલાલ વિઠ્ઠલદાસ વાંકાવાળાની પુણ્યસ્મૃતિમાં હસ્તે નિર્મળાબહેન નટવરલાલ પરિવાર જ્ઞાનદાન સહયોગ | સુરત | ૧૧,૫૦૧/- |
| ૨. | સદ્‌ગત પિતાશ્રી લક્ષ્મીપ્રસાદ સી. અમીનની પુણ્યસ્મૃતિ (તા. ૯-૧૧) નિમિત્તે હસ્તે મીનેષકુમાર અમીન પરિવાર | અમદાવાદ | ૧૧,૧૧૧/- |
| ૩. | વિદ્યાબહેન બાલુભાઈ શાહ | અમેરિકા | ૫,૦૦૦/- |
| ૪. | નટવરલાલ કે. શાહ (અમેરિકા તરફ પ્રસ્થાન નિમિત્તે) | વડોદરા | ૫,૦૦૦/- |
| ૫. | સદ્‌ગત પિતાશ્રી કંચનલાલ છગનલાલ સાદડીવાળાની પુણ્યતિથિ (૧૯-૧) નિમિત્તે હસ્તે અશોકકુમાર | સુરત | ૨,૧૦૦/- |
| ૬. | ગૌરાંગ મરચન્ટ | અમેરિકા | ૧,૨૦૦/- |
| ૭. | પૂજા સુધીરભાઈ દલસાણીયા હસ્તે સુધીરભાઈ મોહનલાલ દલસાણીયા | અમેરિકા | ૧,૦૦૧/- |
| ૮. | ચિ. પૂજાનાં લગ્ન તા.૨૮-૧૧-'૧૪ના રોજ શ્રી જિગરકુમાર સાથે થયાં તે નિમિત્તે હસ્તે માતા પિતા અલ્કાબહેન - જયેશકુમાર જોષી | અમદાવાદ | ૧,૦૦૦/- |
| ૯. | મનીષ આર. કંસારા | અમદાવાદ | ૧,૦૦૦/- |
| ૧૦. | ચિ. મૈત્રેયી મનન પટેલને ત્યાં પુત્ર ચિ. કૃતાર્થના જન્મ નિમિત્તે હસ્તે અજય અરવિંદલાલ દાણેચા | સુરત | ૫૦૧/- |
| ૧૧. | સદ્‌ગત જીવનસાથી ગુણવંતભાઈ નાયકની પુણ્યસ્મૃતિમાં હસ્તે નિરંજનાબહેન | વડોદરા | ૫૦૦/- |
| ૧૨. | નરેશભાઈ કે. શાહ | વડોદરા | ૫૦૦/- |
| ૧૩. | ડૉ. ચૈતાલી શરદકુમાર | સુરત | ૫૦૦/- |
| ૧૪. | રાકેશ જગદીશ વ્યાસ | વીસનગર | ૫૦૦/- |
| ૧૫. | દીકરી ચિ. કરિશ્માના જન્મદિન (૨૪-૧૦) નિમિત્તે હસ્તે શાલ્મી ભરત ઠાકોર | નરોડા | ૨૫૧/- |
| ૧૬. | ચતુરભાઈ શિવાભાઈ પટેલ જન્મદિન (૨૯-૧૦) નિમિત્તે | અમદાવાદ | ૨૫૧/- |
| ૧૭. | યોગેશકુમાર ઈશ્વરલાલ તમાકુવાળા | સુરત | ૨૫૦/- |
| ૧૮. | એક સ્વજન | અમદાવાદ | ૧૫૧/- |
| ૧૯. | અરવિંદભાઈ ડી. સોની | અમદાવાદ | ૧૫૦/- |
| ૨૦. | મંદાબહેન મનોજકુમાર તમાકુવાળા | સુરત | ૧૦૧/- |

**આ સર્વેના અમો ખૂબ ખૂબ આભારી છીએ.**

## (૩) દયાની દોલત

સંત 'પુનિત'

આર્થિક સ્થિતિ એટલી વિકટ બની ગઈ કે નાછૂટકે એ જુવાનને ભણતર અધૂરું છોડી દેવું પડ્યું. એણે નોકરીની શોધ કરવા માંડી.

પરિવારમાં માબાપ અને નાનાં ભાઈ-બહેનના ભરણપોષણની જવાબદારી એને માથે આવી પડી હતી.

નોકરી શોધવા એ ઘણું રખડ્યો, પણ આખરે નિરાશ થયો.

તોય નોકરી મળી નહિ. છેવટે રસ્તામાં એક મિત્ર ભટકાઈ પડ્યો :

'અલ્યા ક્રોનિન, શું ચાલે છે ? કેમ હમણાંનો દેખાતો નથી ?'

'શું કરું યાર ! ઘરની સ્થિતિ તંગ છે. ભણવાનુંય છોડી દીધું છે. ક્યાંક નોકરી મળે તો કરવી છે, પણ ક્યાંય મળતી નથી.'

એની વાત સાંભળીને મિત્ર વિચારમાં પડી ગયો. એકાએક કશું યાદ આવતાં એણે કહ્યું, 'ચાલ મારી સાથે. એક જગ્યાએ મારા પરિચિત છે. પોતાની પ્રકાશન સંસ્થા છે. કદાચ નોકરીનું ગોઠવાઈ જશે.'

ક્રોનિનને લઈને મિત્ર નેશનલ પબ્લિશર્સની ઑફિસે આવ્યો. પ્રકાશકની કૅબિનમાં લઈ જઈને એનો પરિચય કરાવ્યો ને કોઈ નાનકડી નોકરી આપવા વિનંતી કરી.

'ભાઈ, અમારી ઑફિસમાં તો કોઈ જગા ખાલી નથી, પણ હા, તમને શું ફાવે છે ? કંઈ અનુભવ ખરો ?' પ્રકાશકે પૂછ્યું.

ક્રોનિન બોલે એ પહેલાં જ મિત્રે જવાબ આપ્યો : 'અરે સાહેબ, મારો મિત્ર બહુ હોશિયાર છે. અમે સાથે જ ભણ્યા છીએ. સ્કૂલમાં હતો ત્યારથી વાર્તાઓ, કાવ્યો લખે છે. અનેક મૅગેઝિનોમાં એની રચનાઓ પ્રગટ થઈ ચૂકી છે. એવું જ કંઈ લખવાનું કામ હોય તો એને ખૂબ ફાવશે.'

પ્રકાશકની આંખ ચમકી. જાણે ભાવતું'તું ને વૈદ્યે કહ્યું.

પ્રકાશકે કહ્યું, 'વાર્તાઓની તો જરૂર નથી. હા, હું આપું તે વિષય ઉપર નવલકથા લખવાનું ફાવે ખરું ?'

'જી, ફાવશે, પ્રયત્ન કરીશ તો જરૂર ફાવીશ.' વખાનો માર્યો ક્રોનિન બોલ્યો. આમેય બહુ ઠોકરો ખાધી હતી. સમાજના બધા જ વર્ગનો કડવો અનુભવ કરી ચૂક્યો હતો.

પ્રકાશકે ડ્રૉઅરમાંથી એક ફાઈલ કાઢી. એમાં થોડાક કાગળ હતા.

ફાઈલ એની સામે સરકાવતાં કહ્યું, 'આમાં જે કાગળો છે એમાં નવલકથા લખવાના બધા જ મુદ્દાઓ ટપકાવેલા છે. તમારે એ વિષયને પકડવાનો છે ને તમારી રીતે રસઝરતી નવલકથા લખવાની છે. તમે એકાદ પ્રકરણ લખીને મને બતાવી જજો. ગમશે તો સારું મહેનતાણું આપીશ ને આગળ લખવું કે નહિ તેનો નિર્ણય પછી કરીશ.'

ક્રોનિન ખુશ થયો. નાનપણથી સાહિત્યમાં એને જબરો રસ હતો. લાઈબ્રેરીમાંનું કોઈ પુસ્તક ભાગ્યે જ વાંચ્યા વિનાનું રહ્યું હશે.

વાર્તા-કવિતા તો એ લખતો જ હતો. નવલકથા લખવાનો એને ક્યારેય વિચાર જ આવ્યો નહોતો. એટલે મહાવરો ન હોવા છતાં પડકાર ઉપાડી લીધો.

ઘેર આવીને ઉત્સાહભેર લખવા માંડ્યું એણે. બીજે જ દિવસે સાંજે એ એક પ્રકરણ લખીને પ્રકાશક પાસે પહોંચી ગયો. પ્રકાશકે પ્રથમ તો ઊડતી નજર ફેરવી લીધી. એને લખાણમાં કંઈક દમ દેખાયો એટલે શરૂઆત વાંચી.

પહેલાં જ પ્રકરણથી નવલકથાની શરૂઆત એને જોરદાર લાગી. શૈલી પણ વાચકને જકડી રાખે એવી હતી. આ જુવાનનું વિશાળ વાંચન એના સમૃદ્ધ ભાષાભંડોળ ઉપરથી અનુભવી પ્રકાશકે માપી લીધું.

પ્રકાશક પ્રકરણ વાંચવામાં લીન બની ગયો હતો. ક્રોનિન ધડકતે દિલે અધ્ધર શ્વાસે એની સામે જોઈ રહ્યો હતો. પ્રકાશકના મોં ઉપરની બદલાતી ભાવરેખા ઉપરથી એ કશું તારણ કાઢી શકતો નહોતો.

દસ મિનિટ પછી પ્રકાશકે હસ્તપ્રત ટેબલ ઉપર મૂકીને ક્રોનિનને કહ્યું, 'સુંદર, ઘણું જ સુંદર. તમારું લખાણ ખરેખર અદ્ભુત છે. તમે આ જ શૈલી જાળવી રાખજો ને લખવા માંડો.' પછી ટેબલના ખાનામાંથી ચેકબુક કાઢીને એક મોટી રકમનો ચેક એના હાથમાં મૂકી કહ્યું, 'લ્યો, મને શ્રદ્ધા છે કે તમે બનતી ત્વરાએ આ નવલકથા પૂરેપૂરી લખીને મને હસ્તપ્રત પહોંચાડી દેશો. એનું મહેનતાણું હું આગોતરું જ આપી દઉં છું.'

ક્રોનિનની આંખો પહોળી થઈ ગઈ. પ્રકાશકની પ્રશંસાથી એનું હૃદય આનંદથી નાચી ઊઠ્યું. ચેકની રકમ જોતાં જ એને લાગ્યું કે હરખથી પાગલ બની જશે. જિંદગીમાં પહેલી જ વાર કદર કરનારો કોઈ ભડવીર મળ્યો એ વાતે એનું સાહિત્યિક હૈયું ગદ્ગદ બની ગયું.

એણે પછી તો રાત-દિવસ જોયા વિના લખવા માંડ્યું. મશીનની જેમ મગજ અને હાથ બેય ચાલવા લાગ્યા હતા. મહિનાથીય ઓછા સમયમાં આખી નવલકથા લખી નાખી. જેમ જેમ લખાતું જાય તેમ તેમ તે પ્રકાશકને પહોંચાડતો.

પ્રકાશક પણ એના ઉપર પૂરેપૂરો વિશ્વાસ મૂકીને મુદ્રણ કરાવ્યે જતો. ને બીજે મહિને જ્યારે નવલકથા પુસ્તકરૂપે બજારમાં આવી ત્યારે ખળભળાટ મચી ગયો હતો. પહેલી આવૃત્તિ ગણતરીના દિવસોમાં વેચાઈ ગઈ હતી. પછી તો એક-પછી-એક નવલકથાઓનું સર્જન થતું ગયું. કીર્તિ ને કલદાર મળતાં ગયાં.

બે વર્ષમાં એની સ્થિતિ સુધરી ગઈ. ઘરનું ઘર પણ લઈ લીધું. નાના ભાઈઓને ભણવાની સારી અનુકૂળતા થઈ ગઈ. એણે પણ લગ્ન કર્યાં ને સુખેથી જીવન જીવવા લાગ્યો. હવે એ ખાધેપીધે સુખી હતો, પણ એનું મન સંતુષ્ટ નહોતું. એ નાનો હતો ત્યારથી જ એના પિતાની ઇચ્છા એને ડૉક્ટર બનાવવાની હતી. એકાદ વર્ષ માટે એણે ડૉક્ટરીનો અભ્યાસ અધૂરો છોડ્યો હતો. એ પૂરો કરવાની એને તાલાવેલી લાગી હતી.

એણે નવેસરથી પ્રવેશ મેળવ્યો ને ડૉક્ટરી અભ્યાસ કરવા માંડ્યો. સારા વર્ગમાં એ પાસ પણ થઈ ગયો ત્યારે એના આનંદનો પાર ન રહ્યો. એના પિતાનું સપનું એણે પૂરું કર્યું હતું.

ધીરે ધીરે એણે પોતાની પ્રૅક્ટિસ જમાવવા માંડી. લેખનપ્રવૃત્તિ હવે તો સાવ બંધ જેવી જ થઈ ગઈ હતી.

પ્રકાશકો એને મળવા આવતા, નવી નવલકથાઓ લખાવવા દબાણ કરતાં, ઊંચો પુરસ્કાર આપવાનાં પ્રલોભનો આપતા. પણ આ સફળ નવલકથાકારે મચક આપી નહિ. એનું દવાખાનું હવે ધમધોકાર ચાલવા માંડ્યું હતું. એની પત્ની પણ ભણેલીગણેલી હતી એટલે એ પણ દવાખાનામાં એને મદદ કરતી હતી. ધનની છોળો ઊડવા લાગી હતી.

**પણ માણસ પાસે જેમ જેમ લક્ષ્મી વધતી જાય છે તેમ તેમ મગજ બગડતું જાય છે.** એનામાં અહંકાર પ્રવેશે છે. લાગણીઓનો નાશ થઈ જાય છે, દયા-માયા અદશ્ય થઈ જાય છે.

ડૉક્ટર ક્રોનિક પણ લક્ષ્મીની લીલામાં લપટાઈ ગયા હતા. એમને ધનનો નશો ચડ્યો હતો. હવે તો પૈસા સિવાય કશું દેખાતું નહોતું. દર્દીની સ્થિતિ પણ જોતા નહિ. ગરીબ હોય કે તવંગર, બધાને એક જ અસ્ત્રે મૂંડવાની નીતિ અપનાવી હતી.

આ ધંધો જ રોકડિયો છે. ડૉક્ટર ક્રોનિન પૈસાની બાબતમાં બહુ જ કઠોર વલણ અપનાવવા લાગ્યા હતા. એમના હાથમાં દર્દીને સાજો કરવાની જશરેખા તો હતી, પણ એમની ફી પણ ખૂબ ઊંચી હતી. ફીની બાબતમાં એ કોઈની સાથે બાંધછોડ કરતા નહિ.

પણ એમની માયાળુ પત્નીને ડૉક્ટરની આ રીતભાત જરાય ગમતી નહોતી. ડૉક્ટર બન્યા પહેલાં એ સફળ નવલકથાકાર હતા, સાહિત્યકાર હતા. મગજ નિચોવીને પૈસા કમાતા હતા. એક મધ્યમવર્ગના માનવી જેવું સુખી જીવન જીવતા હતા. બહુ ધનવાન તો નહોતા, પણ ગરીબી દૂર થઈ ગઈ હતી.

એની પત્ની ઘણી વાર એ દિવસો યાદ કરતી ને આજની વૈભવી જિંદગી સાથે એની મનોમન સરખામણી કર્યા કરતી, પછી ડૉક્ટરની પૈસા કમાવાની ઘેલછા જોઈને મનોમન નિસાસો નાંખતી.

એક દિવસ એક ગરીબ દરદી સાથે ડૉક્ટરને બહુ માથાકૂટ થઈ. પેલો કરગરી રહ્યો હતો, ‘ડૉક્ટર સાહેબ, મારા દીકરાને તમે દવા આપો. એકએક પૈસો ચૂકવી દઈશ, ગરીબ છું પણ બેઈમાન નથી.’

‘એ ના ચાલે. પહેલાં ફી લઈ આવો. પછી જ દવા મળશે.’ ડૉક્ટર ક્રોનિને કઠોર શબ્દોમાં કહ્યું, ગરીબ કરગરવા લાગ્યો, ડૉક્ટરના પગ પકડી લીધા. ચોધાર આંસુએ રડવા લાગ્યો ત્યારે ડૉક્ટરનાં પત્નીએ સદ્‌ભાવપૂર્વક ડૉક્ટરને વિનંતી કરી એ ગરીબના દીકરાની સારવાર કરવાની ભલામણ કરી. ત્યારે તો ડૉક્ટરે એ દર્દીને તપાસી ઈલાજ કર્યો, પણ ઘેર આવીને બોલ્યા, ‘ધંધાની બાબતમાં તારે વચ્ચે પડવાની જરૂર નથી. તું તો જાણે છે કે પૈસા લીધા વિના જ એ દવા લેવા આવ્યો હતો.’

પત્ની થોડીવાર તો કશું બોલી નહિ. એના હૃદયમાં ઘણા વખતથી ખદબદી રહેલો લાવારસ ઉછાળા મારીને બહાર આવવા મથી રહ્યો હતો. એને થયું કે હવે ઊભરો ઠાલવી નાખવો જોઈએ. પણ ગુસ્સો ગળી જઈને બને એટલા શાંત સ્વરે જવાબ આપ્યો, ‘હશે, બિચારો ગરીબ હતો. માણસના સંજોગો નબળા હોય ત્યારે એ લાચાર

હોય છે. એના ઉપર રહેમ રાખવી જોઈએ.'

'દયા ? આપણે જ્યારે દુઃખી હતાં ત્યારે કોઈ આપણી દયા ખાવા આવતું હતું ?' ડૉક્ટરે તાડૂકો કર્યો.

**'મને હવે લાગે છે કે આપણે ગરીબ હતાં એ જ બરોબર હતું.' પત્નીએ હવે સખત થતાં સંભળાવ્યું.**

'શું બોલી તું ? તને શરમ નથી આવતી આવી વાત કરતા ? હજીયે તને ગરીબીના અભરખા રહી ગયા છે ?' ડૉક્ટર ક્રોનિન ઊકળી ઊઠ્યા.

પત્નીએ જોયું કે હવે કહેવાનો ખરો મોકો છે. લોઢું ગરમ હોય ત્યારે જ હથોડો મારવો જોઈએ.

એણે કહ્યું, **'આપણે ગરીબ જરૂર હતાં, પણ હૃદયથી ધનવાન હતાં. આપણા હૃદયમાં દયા, માયા, પ્રેમ સાબૂત હતાં. ગરીબોની સ્થિતિ આપણે સમજી શકતાં હતાં, કારણ કે આપણે ગરીબીમાં જીવતાં હતાં. પણ આજે મને લાગે છે કે આપણે અઢળક ધન મેળવીને દયા ગુમાવી દીધી છે. અઢળક ધન છતાં હૃદયથી આપણે સાવ કંગાળ બની ગયાં છીએ.'**

આટલું બોલતાં બોલતાં પત્નીની આંખો ભરાઈ આવી.

ડૉક્ટર ક્રોનિન સ્તબ્ધ બનીને પત્નીની વાત સાંભળી રહ્યા હતા.

ક્યાંય સુધી પત્નીની સામે એ જોઈ રહ્યા. પત્ની હજીયે આંખમાંથી આંસુ લૂછતી, હીબકાં ભરી રહી હતી. એમનું હૃદય પીગળી ગયું. પોતાની ભૂલ હવે એમને સમજાઈ હતી.

પત્નીનો વાંસો પસવારતા સ્નેહાળ સ્વરે બોલ્યા, 'તારી વાત સાચી છે. આજે તેં મને લોભની ખાઈમાં ગબડી પડતો બચાવી લીધો છે. તારા જેવી સમજદાર, દયાળુ પત્નીને પ્રાપ્ત કરીને હું ખૂબ જ ખુશ છું.'

આ દિવસથી ડૉક્ટર ક્રોનિને ગરીબોને સાવ મફત સારવાર આપવાની પ્રતિજ્ઞા લીધી.

એ જીવ્યા ત્યાં સુધી આ પ્રતિજ્ઞાનું ચુસ્તપણે નિરપવાદ પાલન કર્યું.

'સ્પર્શ',
શ્રીબળદેવ ચૅરિટીબલ ટ્રસ્ટ પ્રકાશન પ્ર. આ., પૃ. ૧૩૭ ❑

**વિનંતીસહ જણાવવાનું કે...**

**૧.** લવાજમ વિના વ્યક્તિ/સંસ્થાને હરિભાવ મળતું હોય તેઓને જો તેનું વાંચન રુચિકર જણાતું હોય તો વાર્ષિક લવાજમ ભરવા વિનંતી છે.

**૨.** જે આજીવન ગ્રાહકનો દેહાંત થયો છે તેમના પરિવારને 'હરિભાવ' મેળવવાનું ચાલુ રાખવું હોય તો વાર્ષિક લવાજમ ભરવા વિનંતી છે.

**૩.** વિલંબથી કે બિલકુલ હરિભાવ ન મલવામાં મુખ્યત્વે પોસ્ટ વિભાગ કારણભૂત હોય છે. જે તે માસની આખર તારીખે જાણ કરશો એટલે ફરીથી અંક મોકલાશે. બે-ત્રણ કે ચાર-છ માસથી અંક મલતા નથી એવી રજૂઆત યોગ્ય ન ગણાય.

૪. રજૂઆત-ફરિયાદ માટે શ્રી સુરેશ વૉરા મો. ૯૪૨૭૫૫૪૩૯૧ ઉપર જ વાત કરશોજી. **-સં.**

### ૧૯૨૪માં કરાયેલી પ્રાર્થના

(વસંતતિલકા)

હું-રાંકની ખબર તું પ્રભુ ! નિત્ય લેજે,
મારી બધી જરૂરિયાત પ્રભુ ! તું દેજે,
ને તું વળી મુજ પરે પ્રભુ ! રાજી રહેજે,
તારું મને તું ચરણામૃત પાન પાજે.

* * *

તારી કૃપાથી બનવું નવ શક્ય શું છે ?
ને હોય જો તુજ કૃપા, ભય શો પછી છે ?
માગીય માગું તુજથી પ્રભુ ! એટલું હું,
વાંછુ ન કૈં અવર હું, બસ એ જ દે તું.

* * *

શેક્યોય પાપડ નહિ મુજથી ભગાશે,
એવા હું નિર્બળ થકી પ્રભુ ! શું સધાશે ?
તારે કરાવવું હુંથી પ્રભુ ! હોય જે જે,
જો કૈં તને પડી જ હોય, કરાવજે તે.

'નિર્બળ કે બલ રામ' એમ ભક્તશિરોમણિ સુરદાસે ગાયું છે. અહીં 'નિર્બળ'નો અર્થ કાયર નહિ, કે આપણે જે રીતે 'બળ વગરનો' સમજીએ છીએ તેયે નહિ. સાચેસાચી રીતે પ્રગટેલો 'નિર્બળ' પુરુષ જબરજસ્ત પરાક્રમી વીર છે. જે સંપૂર્ણપણે નિરાગ્રહી, નિર્મોહી, નિર્લોભી, નિષ્કામી, નિરહંકારી વગેરે વગેરે પ્રભુકૃપાથી પ્રગટેલો છે અને જેનો એકમાત્ર સર્વ રીતે અને સર્વ ભાવે મારા વહાલા શ્રીભગવાનની ઉપર જ આધાર પ્રગટેલો છે, તે જ સાચી રીતે 'નિર્બળ' છે અને 'નિર્બળ' તે અર્થમાં લખેલું છે.

સામાન્ય રીતે સાહિત્યિક કવિઓની કાવ્યોની ભાવનાથી સર્જન થયેલું કાવ્ય અને આધ્યાત્મિક સાધનાથી ભાવનામાં ઓતપ્રોત થઈને જેનું જીવન રંગાયેલું છે, તેવાની ભાવનામાંથી પ્રગટેલું કાવ્ય-**એ બે પ્રકારનાં કાવ્યોમાં આસમાન જમીનનો ફરક છે.**

સાહિત્યિક કાવ્યશક્તિ કેટલાકમાં હોય છે, ને કાવ્યકળાની દૃષ્ટિએ તેમાં ભાવ પણ હોય, અલંકાર પણ હોય, શબ્દની પ્રાસાદિકતા પણ હોય, અને ઉત્તમ કાવ્યનાં લક્ષણો વ્યક્ત પણ થતાં હોય. તેવા પ્રકારની કાવ્યની રચનામાં તેમને આનંદ પણ પડતો હોય છે, પરંતુ જીવનની ઉન્નતગામી ભૂમિકાઓ માત્ર આવાં કાવ્યો કરવાની શક્તિથી અનુભવી શકાતી નથી. ખરી રીતે તો તેનાથી આપણાં મન, બુદ્ધિ વગેરે કરણોને આવા આવા પ્રકારની રમતના આનંદમાં પરોવાવી રખાવશે. આપણા આધાર ઉપર તેનો કાબૂ એટલો તો જોરદાર રહી શકે છે, કે એ બધાથી સાવધ રહી શકવાની શક્તિ ગુમાવી બેસીએ છીએ. આપણે તો કેવળ તેવી કાવ્યકળાની સુંદર રચનાના પ્રવાહમાં અને તેના અદીઠ અને બળવાન આકર્ષણમાં જ તણાયે જતાં હોઈએ છીએ.

આવી રચનાઓ આપણે ઊંચે ઊડીએ છીએ એમ પણ મનાવ્યા કરશે. પરંતુ ખરી રીતે તો તેવું સાચેસાચ પ્રગટેલું હોતું નથી. કવિનું સમગ્ર જીવન સાધનામય સંપૂર્ણપણે બની ગયેલું હોય છે જ એવું કશું નક્કી ના કહી શકાય. અલબત્ત, કોઈકનું તેવું બનેલું કે બનતું હોઈ શકે છે.

જેમણે જેમણે જીવનવિકાસના અર્થે જ અને

**(અનુસંધાન પૃ. ૧૭ પર)**

## (૫) સત્‌યુગના સંતાન

**પૂર્ણચંદ્ર સૂરિશ્વરજી મહારાજ**

આ એક સત્ય ઘટના છે.

ચરોતરના નડિયાદની આસપાસના એક ગામડામાં પ્રભુદાસ પટેલ રહેતા હતા. એમના બાપદાદા ઠીક ઠીક સુખી, પણ પ્રભુદાસનું પુણ્ય ઓછું એટલે વડીલોની વિદાય પછી ઘરમાંથી ધન-ધાન ધીમે ધીમે ખૂટવા માંડ્યાં. વસ્તારમાં એક દીકરી ગોદાવરી જ હતી. યોગ્ય વયે સારાં વર-ઘર શોધી એને પરણાવેલી. પ્રભુદાસે એમની પત્નીને વાત કરી રાખેલી કે આપણી મૂડીમાં એક આ ઘર જ છે તે વહેલા મોડા દીકરીને જ સોંપવાનું છે.

એક દિવસ અચાનક પ્રભુદાસે ચિર વિદાય લીધી. ઘરની એકલતા દૂર કરવા દીકરી-જમાઈને સાથે રહેવા માએ બોલાવી લીધાં. પતિનો અભાવ દીકરી-જમાઈ દૂર તો ન કરી શકે છતાં પટેલની પત્નીને સથવારો અને કંઈક આસાએશ આપતાં.

આ રીતે કાળ પસાર થતો હતો ત્યાં પટેલની પત્નીએ પરલોકના પંથે પ્રયાણ કર્યું. હવે રહ્યા દીકરી ને જમાઈ. ઘરવ્યવહાર, ચલાવવા પૂરતું માંડ માંડ જમાઈ થોડુંક કમાઈ લાવતો. રોટલા-પાણી ભેગા થવાતું પણ બે પાંદડે ન થવાયું તે ન જ થવાયું. કુદરતને કરવું કે એ જમાઈને પણ જમરાજ લઈ ગયા. હવે ઘરમાં રહી એકલી ગોદાવરી. એના માથે તો દુઃખના ડુંગર તૂટી પડ્યા. સંતાનમાં કંઈ ન હતું. મૂડીમાં મોટું મીડું. ઉંમર તો પાંચ દસકાની આસપાસની હતી. ગુજરાન કેમ ચલાવવું !

ગામના ડાહ્યા માણસોએ ગોદાવરીને સલાહ આપી કે એનું ઘર વેચી દઈ મૂડીના વ્યાજ ઉપર જીવનગુજારો કરી શકાશે. ગોદાવરીના ગળે આ વાત ઊતરી એટલે બે ઓરડાનાં ભાડાના મકાનમાં એણે મુકામ ફેરવ્યો. મકાન વેચાણથી દોઢેક લાખ રૂપિયા આવ્યા એમાંથી મોટા ભાગની રકમ બૅંકમાં વ્યાજે મૂકી અને એ વ્યાજની આવકમાંથી એનું ગુજરાન સારી રીતે ચાલવા માંડ્યું. ગોદાવરીએ એનાં માતપિતાનો મનોમન આભાર માન્યો કે આટલો આધાર એમના તરફથી એને મળેલો.

જેણે મકાન ખરીદ કરેલું એણે બેચાર મહિના બાદ પોતાની જરૂરિયાત પ્રમાણેનો સુધારો-વધારો કરવાનું કામ ઉપાડ્યું. સમારકામમાં એક પાટડો ઠીક કરવા જતાં ભીંતમાંથી સોના-ચાંદીનો ભરેલો એક મોટો દાબડો બહાર નીકળી આવ્યો. એને પ્રથમ તો એ વાતનું આશ્ચર્ય થયું કે ઘરમાં આટલું બધું ધન હોવા છતાં એ પરિવારે કારમી ગરીબાઈ વેઠી.

મકાનનો નવો માલિક ચિત્તનો એકદમ ચોખ્ખો હતો એને વિચાર આવ્યો કે ગોદાવરી પાસેથી તો મેં માત્ર મકાન ખરીદેલ છે. એટલે મકાનની માલિકી મારી હોવા છતાં આ સોના-ચાંદીના અસલ માલિક તો ગોદાવરી જ ગણાય.

એ મકાન માલિક સોના-ચાંદીને પોટલીમાં બાંધીને પહોંચ્યો ગોદાવરીના ખોરડે. મુખ્ય મુખ્ય વાત કર્યા પછી મકાનમાલિકે ગોદાવરીને કહ્યું કે બહેન આ સોના-ચાંદી તમારા છે ને

**(અનુસંધાન પૃ. ૧૯ પર)**

## (૬) પૂજ્ય શ્રીરંગ અવધૂતની નર્મદા પરિક્રમા

ડૉ. અરુણ શેલત

શ્રી દત્તપુરાણનાં ૧૦૮ પારાયણનું અનુષ્ઠાન પૂર્ણ કરી પૂર્ણતા પ્રાપ્ત કરી, તેના ઉદ્યાપન નિમિત્તે ૧૦૮ દિવસમાં પુણ્ય સલિલા રેવાની પરિક્રમા પૂર્ણ કરવાનો ગુરુદેવ પરમ પૂજ્ય ટેંબે સ્વામીનો આદેશ માથા પર ચઢાવી પૂજ્ય શ્રીરંગ અવધૂતજી નર્મદાકિનારે મધ્યપ્રદેશના મોરટક્કા આવી પરમહંસના આશ્રમે રહ્યા.

વિ.સં. ૧૯૮૩ આસો સુદ ચોથ ને ગુરુવારના રોજ સાંજે મોરટક્કાના નર્મદાના દક્ષિણ કિનારા પર આવી ગયા. પૂજ્યશ્રીએ ખરો અવધૂત વેશ ધારણ કર્યો. એક કૌપીન પહેરી વધારાનું એક કૌપીન પગે બાંધી રાખ્યું. એક હાથમાં લાંબો ડંડો અને બીજા હાથમાં કમંડળ લીધું. માથા પર વિદુષક જેવી ટોપી પહેરી. એક ભગવી થેલી ખભે લટકાવી. તેમાં ગોળ રાખવા નાનો ડબ્બો, દંતમંજન, ઊલિયું, છરી, કાંટો કાઢવા માટેની સોય, એક જનોઈ, એક લોટો વગેરે વસ્તુઓ મૂકી. કાળો કામળો ખભે નાખ્યો. આવા વેશે નર્મદાને કિનારે પાણીના વહેણ સુધી આવી ઊભા. થોડી પળો રેવામાના વહેતા પાણીને જોયા કર્યું. પછી બધો સામાન ભાઠામાં મૂકી તેઓ ઘૂંટણ સુધીના પાણીમાં ગયા અને માને બે હાથે વંદન કરી, અત્યંત ભાવપૂર્વક બોલ્યા, 'હે મા રેવા, તારે આશરે છું. તારી પરિક્રમા તું જ કરાવે છે. મા ! તારી શક્તિ વગર હું પંગુ છું. તું રક્ષણ કરજે, શક્તિ આપજે.' એટલું બોલી નર્મદાજળ માથે મૂક્યું, આંખે લગાડ્યું અને એક નાની શીશીમાં જળ ભરી લીધું. પછી કિનારા ઉપર આવી ગયા અને ચૌદ ભુવનનો રસાલો હાથમાં ઉપાડી ઉઘાડા પગે 'જય નર્મદે હર' બોલી પૂજ્યશ્રીએ પરિક્રમાનો આરંભ કર્યો.

અડવાણે પગે ચાલતાં શરૂઆતમાં ખૂબ જ તકલીફ પડવા લાગી. અંધારું થતાં એક ગામની ધર્મશાળામાં રાતવાસો કરી બીજે દિવસે સવારે પ્રાતઃકર્મ પતાવી નીકળી પડ્યા. પાંખો આવી હોય તેમ સડસડાટ ચાલતા હતા. લગભગ ૧૬-૧૭ માઈલનો પ્રવાસ કર્યો ત્યાં સૂરજદાદા માથે આવી ગયા. ચાલતાં થોડોક થાક લાગતો હતો.

એક ગામને પાદરે ચોતરા ઉપર બધો રસાલો મૂકી નર્મદા કિનારે ગયા. શાંતિથી એક પથ્થર પર બેસી સ્નાન કર્યું અને કમંડળમાં જળ લઈ પાછા ચોતરા પર આવ્યા. ચોતરા પર બેસી નવટાંક જેટલા ગોળનું પાણી કરી પી લીધું અને આરામ કરવા હાથનું ઓશીકું કરી લાંબા થયા. લગભગ ત્રણ વાગ્યાના ઊભા થઈ ગયા અને ચાલતી પકડી.

ગૌધારી ઘાટ જમદગ્નિ ઋષિનું તપશ્ચર્યાનું સ્થાન ખૂબ જ સુંદર અને રળિયામણું લાગતું હતું. ગૌધારેશ્વર શિવજીનાં દર્શન કરી આગળ પ્રયાણ કર્યું. આગળ જતાં સામે કિનારે માહિષ્મતિ-હાલનું મહેશ્વર દેખાતું હતું એવા માંડવ્ય ઋષિએ જ્યાં તપ કરેલું એ મંડવ્યાશ્રમમાં રાત પડતાં ધર્મશાળામાં મુકામ કર્યો. શરીરશ્રમના કારણે થોડોક તાવ આવ્યો હતો.

કહેવાય છે કે સહસ્રાજુને પોતાના હજાર હાથથી નર્મદાને બાંધવાનો પ્રયત્ન કરતાં નર્મદા સહસ્રધારાથી પથ્થરો-શિલાઓમાં વહેતાં નર્મદાનો પટ ખૂબ વિશાળ હતો. પથ્થર-કાંકરા-કાંટા પૂજ્યશ્રીનાં ચરણમાં દર્દ પેદા કરતા હતા. લથડતા પગે ત્રણચાર માઈલનો રસ્તો કાપ્યો પણ શરીર તાવથી ધખધખી ગયું હતું. એક ઝાડ નીચે કામળો નાંખી તેના ઉપર પડતું નાખ્યું. પાસેના કમંડળમાંથી પાણી પીવા પૂરતી પણ શરીરમાં શક્તિ નહોતી. એટલામાં બાજુના ગામના એક સજ્જનની નજર પૂજ્યશ્રી ઉપર પડતાં પોતાના નિવાસે આરામ કરવા લઈ ગયો. ગુરુદેવની જ કૃપા માની ચાર-પાંચ દિવસ આરામ કરી એ સજ્જનને અંતરથી આશીર્વાદ આપી પોતાની પરિક્રમા આગળ ચલાવી.

કઠોર ગામ આગળ નર્મદાની વચ્ચે ત્રણેક માઈલનો લાંબો લીલોછમ ધર્મપુરીનો બેટ છે. પૂજ્યશ્રીએ એક પથ્થર પર આસન જમાવી ડબ્બામાંથી ગોળ કાઢી તેનું પાણી બનાવીને પી ગયા. કપિલ મુનિએ જ્યાં તપશ્ચર્યા કરી હતી એ કપિલા સંગમ પાસે નર્મદાજીનો પટ ઘણો નાનો છે. ભિક્ષાની વ્યવસ્થા ન થવાથી જલપાન કરી ધર્મશાળામાં આરામ કર્યો.

પૂજ્ય ટેંબે સ્વામી સન ૧૯૧૨માં જે સ્થળે આવ્યા હતા તે રાજઘાટ ખાતે એક મુખી આરસની સુંદર દત્તમૂર્તિની વિધિસર પ્રતિષ્ઠા સને ૧૯૧૬માં કરી હતી. ત્યાં થોડો વિશ્રામ કરી યાત્રા આગળ ચલાવી. બે દિવસથી પેટમાં એક કણ પણ પડ્યો ન હતો. ખૂબ ભૂખ લાગી હતી. પૂજ્યશ્રી ક્યારેય સદાવ્રતમાં જતાં જ નહિ કે ભિક્ષા પણ માગતા નહિ. કોઈ સામેથી ભિક્ષા આપે તોપણ માત્ર એક-બે દિવસ ચાલે તેટલી જ ભિક્ષા સ્વીકારતા. તેમાં પણ મોટે ભાગે ગોળ જ લેતા. સહેજ પણ સંગ્રહ કરતા નહિ.

પરિક્રમામાં કોઈક વખત ઘણી આકરી કસોટી પણ થતી હોય છે. ભૂખ-તરસના કારણે ચક્કર આવતાં નર્મદાજીના પ્રવાહ તરફ જલ માટે જતી વખતે નદીની રેતીમાં જ ફસડાઈ પડ્યા. ત્યાં જ બેભાન થઈ ગયા. આખી રાત એ અવસ્થામાં જ પસાર થઈ. સવારના સૂર્યોદય સમયે સામે કિનારેથી એક નાવડી આવી તેમાંથી એક ગૃહસ્થ પૂજ્યશ્રી પાસે આવી પરિક્રમાવાસી છો-એકલો ગોળ જ ખાવ છો- એવા પ્રશ્ન બાદ ગોળનો રવો જ પૂજ્યશ્રી સમક્ષ મૂકી દીધો. પૂજ્યશ્રીએ પ્રશ્ન કરતાં એ ગૃહસ્થે સ્પષ્ટતા કરી આજે રાતે મને સ્વપ્નમાં રેવામા આવ્યાં હતાં અને ગોળ લઈને અહીં સામે કિનારે એક સંત ભૂખને લીધે બેભાન પડ્યો છે ત્યાં જવા જણાવેલું. એટલે ગોળનો રવો લઈને આવ્યો છું. તેનો સ્વીકાર કરો.

પૂજ્યશ્રીએ ગોળના રવામાંથી પાશેરેક જેટલો ગોળ કાઢી તેનું પાણી બનાવી પી ગયા. શરીરમાં સ્ફૂર્તિ આવી. એટલે 'રેવામા આપનું કલ્યાણ કરશે' એવા આશીર્વાદ આપી પ્રયાણ શરૂ કર્યું. પેલા ગૃહસ્થે બાકીનો ગોળ સ્વીકારવા ખૂબ આજીજી કરી. પૂજ્યશ્રીએ કહ્યું કે પોતે સંગ્રહ કરતા નથી અને જ્યારે જરૂર પડશે ત્યારે મા રેવા આપશે. ગળગળા અવાજે ગૃહસ્થે

**(અનુસંધાન પૃ. ૧૭ પર)**

## (૭) દૈવી અને આસુરી વૃત્તિઓ

**વિનોબાજી**

કેટલાક સાધકોને કેવળ કર્મ જ સૂઝે છે. કેટલાક સાધક ભક્તિમાર્ગે ચાલે છે, તો કેટલાક સાધકનો ઝોક જ્ઞાન તરફ હોય છે. જીવનનો અર્થ કેવળ કર્મ કે કેવળ ભક્તિ કે કેવળ જ્ઞાન એવો કેવળવાદ મને મંજૂર નથી. કર્મ, ભક્તિ અને જ્ઞાનની પૃથક્તા મારાથી સહન થતી નથી.

પહેલાં કર્મ પછી ભક્તિ અને પછી જ્ઞાન એવો ક્રમવાદ મને પસંદ નથી. સાથોસાથ કર્મ-જ્ઞાન અને ભક્તિને જોડતો સમુચ્ચયવાદ પણ મને માન્ય નથી. એ ત્રણેનો સમન્વય કરવામાં આવે તેવો સામંજસ્યવાદ પણ મને પસંદ નથી. મને તો એવો અનુભવ કરવાની ઈચ્છા છે કે કર્મ એ જ ભક્તિ છે અને તે જ જ્ઞાન છે.

બરફીના ટુકડામાં તેની મીઠાશ, તેના આકાર અને વજન અલગ અલગ નથી. જે ક્ષણે બરફીનો ટુકડો આપણે મોંમાં મૂકીએ તે જ ક્ષણે તેને આકાર, તેનું વજન અને તેની મીઠાશ એકીસાથે આપણે ખાઈએ છીએ. એવી રીતે **જીવનની પ્રત્યેક ક્રિયામાં પરમાર્થ ભરેલો હોવો જોઈએ.** જીવનના અંગ-પ્રત્યંગમાં કર્મ, ભક્તિ અને જ્ઞાન ભરેલું હોવું જોઈએ. તેને ગીતામાં પંદરમા અધ્યાયમાં પુરુષોત્તમ યોગ કહેલો છે. આખાયે જીવનને પરમાર્થમય બનાવી દેવું એ બોલવામાં સહેલું છે, પરંતુ એ કથનનો ભાવ સમજીએ તો કેવળ નિર્મળ સેવા કરવા માટે અંતઃકરણમાં શુદ્ધ જ્ઞાનભક્તિની હાર્દિકતા સમજીને ચાલવું પડે. કર્મ, ભક્તિ અને જ્ઞાન અક્ષરશઃ એકરૂપ છે. આવી પરમ દશાને ‘પુરુષોત્તમ યોગ’ કહે છે. અહીં જીવની અંતિમ સીમા આવી જાય છે.

આપણા જીવનમાં કર્મ (સેવા) ભક્તિ અને જ્ઞાન આવી મળ્યાં છે તે શી રીતે જાણવું ? પરિપૂર્ણ જીવનની આવનારી પ્રભાનું વર્ણન ગીતાજીના ૧૬મા અધ્યાયમાં છે.

જેમ સૂર્યોદય થતાં પહેલાં તેની પ્રભા ફેલાય છે તેમ જીવનમાં કર્મ, જ્ઞાન અને ભક્તિના પૂર્ણ પુરુષોત્તમયોગનો ઉદય થતાં પહેલાં સદ્‌ગુણોની પ્રભા બહાર ફેલાવા લાગે છે.

આપણે જે સાધના કરીએ છીએ તેના શા શા અનુભવો થયા, કેટલી શુભવૃત્તિ હૃદયમાં ઊંડી ઊતરી, કેટલા સદ્‌ગુણ આપણામાં આવ્યા, જીવન ખરેખર કેટલું સેવામય થયું તેને ચકાસવાની દિશા તરફ આ અધ્યાય સંકેત કરે છે. જીવનની આ વર્ધમાન કળાને ગીતા ‘દૈવી-સંપત્તિ’નું નામ આપે છે. તેનાથી વિરુદ્ધની જે વૃત્તિઓ છે તેને ‘આસુરી’ કહી છે. ૧૬મા અધ્યાયમાં દૈવી અને આસુરી સંપત્તિઓનો સંઘર્ષ બતાવ્યો છે.

ગીતાના પહેલા અધ્યાયમાં જેવી રીતે કૌરવ-પાંડવની સેના સામસામી ઊભી છે તેવી જ રીતે ૧૬મા અધ્યાયમાં એક તરફ સદ્‌ગુણરૂપી દૈવી સેના અને દુર્ગુણરૂપી આસુરી સેના એક બીજાની સામે ઊભી છે.

બહુ પ્રાચીનકાળથી માનવીય મનમાં સત-અસત પ્રવૃત્તિઓનો ઝઘડો ચાલે છે. તેનું રૂપકાત્મક વર્ણન કરવાની એક પરિપાટી છે. વેદમાં ઇંદ્ર અને વૃત્ત, પુરાણોમાં દેવ અને દાનવ તેવી જ રીતે રામ અને રાવણ.

પારસીઓના ધર્મગ્રંથોમાં અહુરમજદ અને અહરિમાન, ઈસાઈમાં પ્રભુ અને સેતાન, ઈસ્લામમાં અલ્લા અને ઈબ્લીસ-એવા ઝઘડા બધા ધર્મગ્રંથોમાં આવે છે. કાવ્યમાં સ્થૂળ વિષયોનું વર્ણન સૂક્ષ્મ વસ્તુઓના રૂપક દ્વારા કરવામાં આવે છે. તો ધર્મગ્રંથોમાં સૂક્ષ્મ મનોભાવોનું વર્ણન તેને ઠોસ સ્થૂળ રૂપ આપીને કરવામાં આવે છે. સોળમા અધ્યાયમાં ભલાઈ અને બૂરાઈનો ઝઘડો બતાવ્યો છે.

કુરુક્ષેત્ર બહાર પણ છે અને અંદર પણ છે. ઝઘડો મૂળે આપણા મનમાં થાય છે તે જ આપણને બહારના જગતમાં મૂર્તિમંત થતો દેખાય છે. બહાર જે શત્રુ દેખાય છે તે મારા જ મનનો વિકાર સાકાર બનીને ઊભો છે. અરીસામાં જે પ્રકારે મારું જ સારું-માઠું પ્રતિબિંબ મને દેખાય છે, તેવું જ મારા મનના ભલા-બૂરા વિચારોનું પ્રતિબિંબ બહાર મિત્ર-શત્રુના રૂપમાં જોવા મળે છે. ભીતરના અને બહારના યુદ્ધમાં કોઈ અંતર નથી. ખરું પૂછો તો અસલી યુદ્ધ ભીતર જ છે.

સેનામાં જે રીતે સેનાપતિ આવશ્યક છે તેવી રીતે સદ્‌ગુણોની સેનાનો સેનાપતિ 'અભય' છે. તેને પહેલું સ્થાન અપાયું છે. અભય વિના કોઈ ગુણ ખીલી ન શકે. ભયભીત વાતાવરણમાં તો સદ્‌ગુણ પણ દુર્ગુણ બની જશે. સત્પ્રવૃત્તિઓ કમજોર થઈ જશે. સેનાનું રક્ષણ આગળથી તેમ જ પાછળથી બંને રીતે કરવાનું હોય છે. આગળ 'અભય' મજબૂત રીતે ઊભો છે તો પાછળ 'નમ્રતા' રક્ષણ કરી રહી છે. અહીં ૨૬ ગુણો બતાવ્યા છે તે પૈકી ૨૫ ગુણ પ્રાપ્ત થઈ ગયા અને તેનો જો 'અહંકાર' પેદા થયો તો પાછળથી ઓચિંતો ચોર-હુમલો થાય તો પૂરી કમાણી ખોઈ બેસવાનો ભય રહે. આમ, આગળ 'અભય' અને પાછળ 'નમ્રતા' રાખીને સદ્‌ગુણોનો વિકાસ કરી શકાય છે. ભૂતદયા, માર્દવ, ક્ષમા, શાંતિ, અક્રોધ, અહિંસા, અદ્રોહ-એ બધા અહિંસાના જ બીજાં નામો છે. અહિંસા અને સત્ય-આ બે ગુણોમાં બીજા તમામ સદ્‌ગુણોનો સમાવેશ થઈ જાય છે.

એક તરફ સદ્‌ગુણોની સેના ઊભી છે તો સામે દુર્ગુણોની સેના તૈયાર છે. દંભ, અજ્ઞાન વગેરે દુર્ગુણોની બાબતમાં વિશેષ કહેવાની જરૂર નથી. દંભથી તો આપણે ટેવાઈ ગયાં છીએ. આખું જીવન જ દંભ પર જાણે કે રચી દીધું છે.

અજ્ઞાન વિશે પણ શું કહીએ ? એ તો એક એવું મનોહર કારણ મળી ગયું છે કે ડગલે ને પગલે આપણે તેને જ આગળ ધરી દઈએ છીએ. જાણે કે અજ્ઞાન એ કોઈ મોટો ગુનો જ નથી. પણ અજ્ઞાન વિના પાપ સંભવે જ નહિ. ભગવાન અજ્ઞાનને પાપ કહે છે. મેં તેનો સમન્વય કર્યો છે. પોતાના અજ્ઞાનને માફ ન કરવું, બીજાના દોષોને ક્ષમા કરવી.

આપણે દૈવી સંપત્તિનો વિકાસ કરવો છે અને આસુરી સંપત્તિથી દૂર રહેવું છે. આસુરી સંપત્તિમાં મૂળે ત્રણ બાબતો છે. સત્તા, સંસ્કૃતિ અને સંપત્તિ. અસુરો કહે છે કે અમારી સંસ્કૃતિ ઉત્કૃષ્ટ છે કારણ કે એ 'અમારી' છે. બ્રાહ્મણો માને કે અમારી વેદની સંસ્કૃતિ શ્રેષ્ઠ છે. મુસલમાન પણ એમ જ સમજે છે કે કુરાને શરીફમાં જે લખાયું છે તે જ સાચું છે. ઈસાઈ

પણ એમ જ સમજે છે. અન્ય ધર્મનો માણસ ભલેને ગમે તેટલી ઊંચી કોટિનો હોય પરંતુ તેને જો ઈસામસીહ પર વિશ્વાસ નહિ હોય તો તેને સ્વર્ગ નહિ મળે. લોકો તો પોતાના ઘરને અનેક બારીઓ અને અનેક દરવાજા રાખે છે, પરંતુ ભગવાનના ઘરને એક જ દરવાજો !

ભાઈ તમારી સંસ્કૃતિ સાચી હોય તો તેને આચરણમાં જોવા દ્યોને ! પરંતુ એવું નથી બનતું. જે સંસ્કૃતિ આપણા પોતાના જીવનમાં નથી, આપણા ઘરમાં નથી તેને દુનિયાભરમાં ફેલાવવાની આકાંક્ષા રાખવી, એ વિચાર પદ્ધતિને 'આસુરી' કહે છે. ટૂંકમાં કહીએ તો આસુરી સંપત્તિ-કામ, ક્રોધ અને લોભ-આ ત્રણ જ દુનિયાને નચાવી રહ્યા છે.

ગીતામાં પદે પદે કહ્યું છે કે આ ત્રણેયથી બચતા રહો.

'ભૂમિપુત્ર', તા. ૧૬-૯-૨૦૧૪ માંથી સાભાર સંકલન ❑

**કાવ્યોનાં બે પ્રકાર** **(અનુસંધાન પૃ. ૧૧નું ચાલુ)**

તેને મહત્ત્વમાં મહત્ત્વનું પદ આપીને જીવનમાં સાધનાને જ જેણે પ્રેમભક્તિભાવે સ્વીકારેલી છે અને તેની ભાવનામાં સળંગ જે જીવતોજાગતો રહે છે, તેનું કાવ્ય તેની સાધનાની ભાવનાને પ્રગટાવતું હોય છે, બાકીનાનું નહિ.

મનબુદ્ધિની કલ્પનાશક્તિ ઘણી ભારે હોય છે, એટલે એવી બુદ્ધિથી સર્જાયેલી કલ્પના કે ઊર્મિના તરંગથી પ્રગટેલી ઉડ્ડયનશક્તિ કાવ્ય જરૂર રચી શકે છે, પરંતુ તેવી સાચેસાચી જીવનની સ્થિતિ ના પણ હોય.

'જીવન દર્શન', પ્ર. આ., પૃ. ૧૯૦ ❑

**શ્રી રંગની પરિક્રમા** **(અનુસંધાન પૃ. ૧૪નું ચાલુ)**

બે હાથ જોડી અરજ કરી એટલે દોઢપાશેર જેટલો ગોળ ડબ્બામાં મૂકી બાકીનો ગોળ પ્રસાદી તરીકે ગામમાં વહેંચી દેવા જણાવ્યું. ગોળના પાણી ઉપરાંત ક્યારેક ચણાની કાચી દાળ પલાળીને ખાઈ લેતા. કોઈ વાર ખજૂર મળી જાય તો તેનાથી દિવસ કાઢી નાખતા.

રાજઘાટ નર્મદાજીના દક્ષિણ તટ પરની શૂલપાણેશ્વરની ઝાડીનું પ્રવેશદ્વાર ગણાય છે. તા. ૧૧-૧૦-૧૯૨૭ના રોજ પૂજ્યશ્રીએ આ ઝાડીમાં પ્રવેશ કર્યો. આ ઝાડીનો લગભગ ૮૦ માઈલનો અત્યંત વિકટ, બિહામણો પહાડી માર્ગ હવે શરૂ થતો હતો. ભીલો તથા હિંસક પશુઓનો ડર રહેતો પણ પૂજ્યશ્રી તો ભયને બાળીને ભસ્મ કરીને પી ગયા હતા. થોડી ઝાડી પસાર થયા પછી એક ગિરનારી સાધુનો સંગાથ થયો. તે ભીલો પાસેથી મકાઈ માગી લાવતો અને બંને જણ ખાતા હતા.

દક્ષિણ તટ પરથી પહાડી સાપુતારા અને ઉત્તર તટ પર વિંધ્યની હારમાળા હતી. રાવણના વધ પછી શંકર ભગવાનની આજ્ઞાથી રાવણની પુત્રી બીજાસેનીએ જે સ્થાને તપ કરેલું ત્યાં પહોંચ્યા. તે બાદ હરણ છલાંગ મારીને સામે કિનારે જઈ શકે એવો નર્મદાજીનો સાંકડો પટ જ્યાં છે તે હરણફાળ પૂજ્યશ્રી પહોંચી ગયા. આ સ્થળે હિરણાક્ષ્ય રાક્ષસે તપશ્ચર્યા કરી હતી. ઊંચી પહાડીઓ અને સૂર્યકિરણ પ્રવેશ કરી ન શકે એવી ઝાડી વચ્ચેથી પૂજ્યશ્રીની પરિક્રમા આગળ વધી રહી હતી.

'અલખનો આરાધક', પ્ર. આ., પૃ, ૧૫૦ ❑

## (૮) લેખકના બે બોલ : 'નિમિત્ત' શ્રીમોટા

તા. ૨૯-૨-૧૯૭૨ના રોજ વહેલી સવારે છ વાગ્યે પ્રા. ઈંદુકુમાર ખંડુભાઈ દેસાઈ, 'દક્ષિણા' ૧૦, શારદા સોસાયટી, અમદાવાદ-૭ને ત્યાં રોટલા જમવા જવાનું થયું. સત્સંગની ભાવનાથી પ્રા. અનુપરામ ગોવિંદરામ ભટ્ટ, પ્રા. રણધીરભાઈ ઉપાધ્યાય, શ્રી પંધે ગુરુજી (ખાંવગાંવ, વિદર્ભ), શ્રી દત્તા મહા (ગાંધી આશ્રમ, અમદાવાદ), શ્રી કાંતિભાઈ શિલ્પકાર (ચાંદલોડિયા) તથા પ્રા. રમેશભાઈ ભટ્ટ (મણિનગર)-આ બધા ભાઈઓ મળવા આવ્યા હતા.

ભાઈશ્રી ભટ્ટ સાહેબે પૂછવા માટે પ્રશ્નોત્તરી તૈયાર કરી રાખી હતી. એક તો તેઓ સંસ્કૃતના પ્રાધ્યાપક તેમ જ શાસ્ત્રોના ઉપાસક પણ ખરા. એટલે એમના જેવા શાસ્ત્રના અધિષ્ઠાતાના ઘણા ઝીણવટભર્યા અને અઘરા પ્રશ્નોના જવાબ આપવા મારા જેવા માટે ઘણા મુશ્કેલ તો ખરા, કારણ કે શાસ્ત્રો મેં વાંચ્યાં પણ નથી અને તેનો અભ્યાસ પણ નથી, પરંતુ ગમે તેવી મુશ્કેલમાં મુશ્કેલ પરિસ્થિતિમાં પણ પ્રસન્નચિત્ત, શાંતિ અને શાતાવાળા રહી શકાય અને સતત એકધારો આનંદ પ્રવર્ત્યા કરે અને જ્ઞાન તો આત્માનું સહજ લક્ષણ છે, ભલેને શાસ્ત્રો ન વાંચ્યાં હોય, અથવા તો અક્ષર પણ ન ભણ્યો હોય, તોપણ જેને અનુભવ થયો હોય છે એવો માનવી ગમે તેવા ભારેમાં ભારે પ્રશ્નો છોને પુછાયા હોય, તેનો તે સંતોષકારક જવાબ આપી શકે છે. એવો માનવી ગમે તેવી દુન્યવી અને વહેવારની દૃષ્ટિએ કઢંગી સ્થિતિમાં ભલેને દેખાતો હોય, છતાં પણ તે ચેતનામાં જ સતત અને સળંગ અને અખંડ ચેતનાની ભાવનામાં રમણ કર્યા કરતો હોય છે. તેવું હૃદયમાં હૃદયથી હૃદયનું શ્રીપ્રભુકૃપાથી જ્ઞાન પ્રગટી ગયેલું હોવાથી મને તો શ્રીપ્રભુકૃપાથી નિશ્ચિતતા હતી અને દિલમાં પૂરેપૂરી પ્રસન્નતાપૂર્વકની મસ્તીભરી નિરાંત પણ હતી. અને તે ભૂમિકામાં શ્રી ભટ્ટ સાહેબના બધાયે પ્રશ્નોના પૂરેપૂરા ખુલાસા યોગ્ય રીતે થઈ શક્યા તેને હું ભગવાનની કૃપાપ્રસાદી અનુભવી શકું છું. જો તે વખતે ટેપરૅકૉર્ડર હોત અને મોટાની વાણી તેમાં ઉતારી લેવામાં આવી હોત તો તે વાણી સાંભળવાનો લહાવો ફરીથી મળી શક્યો હોત અને તે સાંભળીને બીજાઓને મારું ઉપરનું લખેલું કથન યથાયોગ્ય છે એમ જરૂર લાગત.

આ સત્સંગ થતાં થતાં, કંઈક **'નિમિત્ત'** વિશે વાત નીકળી ત્યારે મારી નવી પ્રસિદ્ધ થયેલી 'જીવનગીતા'માંથી 'નિમિત્ત' વિશેનું મેં કેટલુંક વાંચી સંભળાવ્યું. તે બધું સંભળાવ્યા પછી શ્રોતામાંના કોઈકે કહ્યું કે 'મોટા, તમે 'નિમિત્ત' ઉપર હવે લખો તો સારું. જેમ 'જિજ્ઞાસા', 'શ્રદ્ધા' ઉપર તમે લખ્યું, તે પ્રભુમાર્ગ પરત્વે મથનારાને ઉપયોગી તો જરૂર થઈ પડવાનું જ છે. ગુજરાતી સાહિત્યમાં તો તે પરત્વેનું કોઈ લખાણ છે જ નહિ. એટલે એ રીતે એમાં મૌલિક ઉમેરો થયો. તેવી રીતે આ 'નિમિત્ત' વિશે તમે લખો તો ઘણું ઉત્તમ. 'નિમિત્ત' વિશેની સમજણ બહુ સ્પષ્ટ થતી નથી. એટલે જો તમે નિમિત્ત ઉપર લખો તો કાંઈ નહિ તો બુદ્ધિથી યોગ્ય

સમજણ તો પડે.' ત્યારે મેં તે ભાઈઓને કહ્યું, 'નિમિત્ત' ઉપર લખવામાં તો મને વાર નથી થવાની, કારણ કે તેની બધી સમજણ મારા મનમાં અત્યારે તૈયાર છે અને લખતાં જરા પણ વાર થાય તેમ નથી, પરંતુ આ 'નિમિત્ત' છપાવવાનું ખર્ચ તમે આપો અને તેને વેચી આપવાનું પણ તમે પ્રેમથી સ્વીકારો, તો હમણાં જ હું તો તમને નિમિત્ત ઉપર લખી આપું.' અને તે ભાઈઓ તે અંગે કબૂલ પણ થયા.

બીજે દિવસે ભાઈશ્રી પ્રભુદાસ અને જયંતીભાઈ જાનીને ત્યાં તેમના નવા મકાનના વાસ્તુને માટે જવાનું હતું અને સવારમાં વાસ્તુનો હવન મારે હાથે થવાનો હતો. તે પહેલાં સવારે ચાર વાગ્યે ભાઈશ્રી ૧૦૮ રમાકાંત જોશી પાસે **'નિમિત્ત'** ઉપર થોડું લખાવ્યું. એકધારું હું બોલ્યા જતો હતો અને તેઓ લખતા જતા હતા. પછી તો 'હરિઃૐ આશ્રમ સોસાયટી'ના ખાત મુહૂર્તવિધિમાં મારે જવાનું થયું, અને પછીથી વાસ્તુ-હવનની વિધિમાં એમ કાર્યક્રમમાં સમય વીત્યા કર્યો. તા. ૨-૩-૧૯૭૨ના રોજ બપોરના ત્રણ વાગ્યે તો અમે ત્યાંથી નડિયાદ આશ્રમે આવવાને નીકળી ગયા. અને ચોથીએ વહેલી સવારે પાછું 'નિમિત્ત' ઉપર ભાઈશ્રી રાજુભાઈ પાસે લખાવરાવ્યું અને ભાઈશ્રી સોમાભાઈ ભાવસારે તે ઉતારી લીધું. બાકીનું બધું લખાણ લગભગ તે જ દિવસે પૂરું કર્યું.

પાંચમીએ સવારે નડિયાદ હરિઃૐ આશ્રમમાં ઉપર જણાવેલા સદ્‌ગૃહસ્થો પધાર્યા. તે બધાને મારું નિમિત્તનું લખાણ ભાવપૂર્વક એકાગ્રતાથી એકધારું વાંચી સંભળાવ્યું. તે બધું લખાણ તે ભાઈઓને રુચ્યું તેથી મને ઘણો આનંદ થયો. આવો છે આ 'નિમિત્ત' વ્યક્ત થયાનો ઇતિહાસ. શ્રીપ્રભુકૃપાથી 'નિમિત્ત'ને વ્યક્ત થયાનો આવો મને જે અવકાશ મળ્યો તેથી મને પણ હૃદયમાં આત્મસંતોષ પ્રગટ્યો છે. તે કાજે શ્રી ઇંદુકુમાર અને શ્રી અનુપરામભાઈ ભટ્ટ સાહેબનો હું હૃદયથી આભાર માનું છું.

હરિઃૐ આશ્રમ, નડિયાદ

તા. ૬-૩-૧૯૭૨

'નિમિત્ત', પ્ર. આ., માંથી સાભાર ❑

---

**સતયુગના સંતાન (અનુસંધાન પૃ. ૧૨નું ચાલુ)**

તમને સોંપવા આવ્યો છું.

ગોદાવરીનો જીવ પણ સંસ્કારી હતો. તેણે કહ્યું કે ભાઈ આ તો તમારા ભાગ્યની છે. અમારા ભાગ્યમાં હોત તો આટલાં વર્ષો સુધી કેમ અમને એ પ્રાપ્ત ન થઈ ? મકાનમાલિક કહે કે એણે તો માત્ર મકાન જ ખરીદેલ છે. એમાંથી નીકળતી આ વસ્તુ ઉપર એનો કોઈ માલિકી હક્ક નથી.

આખરે મહાજન વચમાં પડ્યું. વચલો રસ્તો કાઢવા માટે એ મિલકતનો અડધો અડધ ભાગ ધર્માદા ખાતે વાપરવાનો અને શેષ રહેતા અડધા ભાગમાંથી બંનેને અડધો અડધો સ્વીકારી લેવાનો ફેંસલો ફાડ્યો.

આજે જ્યારે ચારેકોર લેવાની લડાઈ જામી છે ત્યારે આ ઘટના જરૂર સમાજને પ્રેરક-બોધક બની રહે એવી છે.

'સ્પર્શ', પ્ર. આ., પૃ.૫૬ શ્રીબળદેવદાસ ચેરિટેબલ પ્રકાશન ❑

## (૯) મૌનરૂમનો પ્રયોગ

રોબિન આર્મસ્ટ્રૉંગ

(કેનેડિયન યુવાન રોબિનનો પૂજ્ય શ્રીમોટા પરનો પત્ર)

મિ. રોબિનનો અલ્પ પરિચય

આ પત્ર લખનાર ભાઈનું નામ મિ. રોબિન છે. તેઓ આમ તો મૂળ કેનેડાના, પરંતુ અમેરિકામાં રહેતા. અત્યારે (૧૯૭૦માં) એમના શરીરની ઉંમર માંડ પચીસેકની હશે. યુવાનીમાં અમેરિકાના યુવાનોમાં પ્રસરેલી ટેવોમાં ફસાઈ ગયેલા હતા. (એલ.એસ.ડી., ગાંજો, ભાંગ, ચરસ વગેરે 'નારકોટિક ડ્રગ્સ'માં ફસાયેલા હતા.) તેવામાં અમેરિકામાં કોઈ પાસેથી આપણે ત્યાં બોલાતી ધૂન એમણે સાંભળી ને તેવી ધૂન તે બોલવા લાગ્યા. અમેરિકાના જે બધા યોગના આશ્રમો હતા ત્યાં તે ફર્યા, પરંતુ તેમને ત્યાં પૂરો સંતોષ ન મળ્યો, એટલે યોગભક્તિના મૂળ ધામ ભારત આવવા નીકળ્યા. પાસે પૈસા ન મળે એટલે જ્યાં ત્યાં મહેનત મજૂરી કરતાં કરતાં છેવટે ભારતમાં આવ્યા ને ભારતમાં ફિરોજપુર (પંજાબ) શહેરમાં તે આવ્યા. ત્યાં એક મૌનીબાબાને તેઓ મળ્યા. ત્યાં ફિરોજપુરમાં એક ભાઈ સુરત-નડિયાદ આશ્રમના જેવું હરિઃૐ મૌનમંદિર ચલાવે છે તે જગ્યા તેમને બતાવી. ત્યાંથી તે ખોળતાં ખોળતાં સુરત આવી પહોંચ્યા. ત્યાં ૯૮ દિવસ એકધારા મૌન-એકાંતમાં બેઠા. એને તો જ્ઞાન થાય ત્યાં સુધી ઘણા લાંબા ગાળા સુધી મૌનએકાંતમાં બેસવું હતું, તેથી દક્ષિણ ભારતમાં કુંભકોણમ્ હરિઃૐ આશ્રમમાં તેઓને મોકલ્યા. ત્યાં એકધારા તેર માસ એટલે કે ૩૮૮ દિવસ મૌનએકાંતમાં રહ્યા.

તેમણે આપણા શાસ્ત્ર કે એવું બીજું કશું જ વાંચ્યું નથી. માત્ર 'હરિઃૐ'ના જપ જ કર્યા હતા. તેમાંથી આ ભાઈને અંતરની-હૈયાની સમજણ અંતરમાં અંતરથી જ ખૂલી ગયેલી લાગે છે. માત્ર નામસ્મરણના પ્રયોગથી અંદરનું પણ નવું સ્વરૂપ કેવું પ્રગટે છે, તેનો આ ભાઈ રોબિન તે પ્રયોગાત્મક પુરાવો છે. -મોટા

હરિઃૐ

રોબિન આર્મસ્ટ્રૉંગ, ૧૬૦ હ્યુરોન સ્ટ્રીટ,
APP-૩૮ ટોરેન્ટો ઓન્ટેરીઓ (કેનેડા)

વહાલા મોટા,

આપને હું ખૂબ વહાલ કરું છું. મને કશી જ વાતની બીક નથી, કેમ કે બધું જ પ્રભુની ઇચ્છા મુજબ બરાબર જ બની રહ્યું છે.

કુદરતમાં કંઈ પણ નિત્ય રહેતું નથી. જે પૂર્ણ છે તે શૂન્ય છે, જે શૂન્ય હોય છે તે પૂર્ણ બને છે.

જ્યાં અંધારઘેરી રાત્રી જેવો અંધકાર હોય છે ત્યાં દિવસ જેવો પ્રકાશ ઝળહળવાનો છે. જે રિક્ત (શૂન્ય) છે એ પૂર્ણ બને છે. જે ભરેલું પડ્યું છે તે ખાલી થાય છે.

શેષ માત્ર ૐ જ રહે છે.

મોટા, હરિઃૐ આશ્રમોને આપના માર્ગદર્શનની જરૂર હતી, માટે જ આપનું જીવન સર્વ ભાવે પ્રભુમય બન્યું.

પ્રભુને ચરણે જીવન સમર્પણ કરવું એ જ માત્ર ઉદ્દેશ છે. હું મારું જીવન પ્રભુને સમર્પું છું.

અહીં ઉત્તર અમેરિકામાં ઘણા લોકોએ, આધુનિક જગતે સર્જેલાં યંત્રો અને કારખાનાંઓમાં આત્મચૈતન્યને ગુમાવ્યું છે. ઘણાં લોકો તો ઇંદ્રિયોના વિષયોને માણતા વિલાસી જીવનના આત્યંતિક અસંયમમાં ડૂબી ગયા છે. ઘણાં લોકો ભૌતિક સમૃદ્ધિમાં ગળાડૂબ રહ્યા કરે છે. ન્યૂયોર્ક જેવા શહેરમાં વસતા લોકોએ તો ગામડાં પણ જોયાં નથી. હજીય ઘણાં લોકો એમ વિચારે છે કે દૂધ ફેક્ટરીમાં જ તૈયાર થાય છે અને બાટલીમાંથી જ નીકળે છે. પ્રાકૃતિક સૌંદર્યવાળા ઘણાં વિસ્તારો હોવા છતાં એક ચોરસ માઈલ જેટલો પ્રાકૃતિક સૌંદર્યનો પ્રદેશ કેટલાય લોકોએ જોયો નથી.

પૂર્વના લોકો તેમ જ દુનિયાભરનાં લોકો પશ્ચિમના શિક્ષિત, સુઘડ અને પ્રગતિશીલ લોકોને પ્રશંસે છે, પણ તેઓ તો આકરી કટોકટીથી ભયભીત બનેલા છે.

ગરીબી, શહેરોમાંની ગીચ વસ્તી, બેકારી, ભૂખમરો-હા, યંત્રો ઘણું કામ કરે છે. લોકોને જાતે કરવા જેવું કામ જૂજ હોય છે, તેથી યુનાઈટેડ સ્ટેટ્સમાં તેઓને યુદ્ધમાં મોકલવા પડે છે.

કેટલાક લોકો ઈશ્વરમાં માને છે, કેટલાક નથી પણ માનતા. જ્યારે ઘણા લોકોને ઈશ્વર બાબતમાં વિચાર કરવાનો સમય સુધ્ધાં હોતો નથી.

મોટા ભાગના લોકો આ અમેરિકન સ્વપ્ન (!) અથવા તો વાસ્તવિકતાના તીવ્ર અણગમામાં રાચે છે ! વ્યક્તિ નિરપેક્ષ યંત્રો મનુષ્યની લાગણીને અને વિચારશક્તિને ભરડો લઈ રહ્યા છે.

'માનવજીવનનો ઉદ્દેશ શો ?' એ પ્રશ્ન તો ભ્રમણા અને ભયનું ભંડારિયું બની જાય છે. બહુ જ થોડા લોકો-પોતાના જીવનનો કોઈ સ્પષ્ટ ઉદ્દેશ હોય તો એ જાણે છે.

થોડાક લોકો પ્રભુથી પ્રેરાય છે. પછી એ ઈશ્વરને કોઈ પણ નામ હોઈ શકે. મારે માટે 'ૐ' એ ઈશ્વર છે.

જીવનદેવનાં આ સંતાનોએ-અમેરિકાના આ લોકોએ મને બોલાવ્યો છે. આ લોકોના આર્દતાભર્યા આર્તનાદે મને મારી મૌન-સાધનામાંથી બહાર આવવા માટે પ્રેર્યો છે.

મેં તેમના આ ચિત્કારોને, એમના આર્તનાદોને કાવેરી નદીનાં નીરમાં સાંભળ્યા છે. એ અવાજો મને વાયુના સુસવાટાની જેમ સંભળાયેલા.

આપની ભારતભૂમિ દેવોની ને સંતોની ભોમકા છે. ત્યાં મેં દિવ્યશક્તિનો અનુભવ કર્યો. મારા દેશબાંધવોનું જે દારિદ્ર્ય મારા હૃદયમાં રુદન પ્રેરતું હતું તેવું દારિદ્ર્ય મેં ભારતમાં ક્યાંય નિહાળ્યું નથી. મતલબ કે અમેરિકાના લોકો આધ્યાત્મિક અભીપ્સાના અભાવથી જેટલા ત્રસ્ત અને દુઃખી છે એવા ભારતના નિવાસીઓ નથી.

આધુનિક જગતમાં આ અમેરિકન સંતાનો એમના પૂર્વજોએ સર્જેલ ભુલભુલામણીમાં અટવાઈ ગયા છે. કેટલાક તો હિપ્પીઓ જેવા બળવાખોર બની ગયા છે અને કેટલાક તો વળી (જીવનનો ઉદ્દેશ અને ભગવાનની શોધમાં) એલ.એસ.ડી. વગેરે જેવા પેખી ઔષધના સેવનથી ભાગેડુ બની ગયા છે. ઘણુંખરું તો આમાંના મોટાભાગના લોકો ભૌતિકતા અને ઇંદ્રિય-સુખની લાલસાથી નષ્ટ થઈ ગયા છે. વિનાશના માર્ગે લઈ જતા નશાના આ કમનસીબ માર્ગેથી કો'ક જ ઊગરી

શક્યા છે. પ્રભુની કૃપાથી એના જ હેતુને પાર પાડવા માટે જેને પ્રેરણા જાગી છે એવાં જ થોડાક ભાગ્યશાળીઓ આ ઝંઝાવાતમાંથી ઊગરી જાય છે.

બધાં જ પ્રભુનાં સંતાનો છે. આ સૌથી વધુ ગંદા હિપ્પીઓ સુધ્ધાં. જે અનિષ્ટોની વચ્ચેની જે પ્રકારની સમર્પણયુક્ત કરુણા અને પ્રેમનો સંસ્પર્શ ભારતમાં મેં અનુભવ્યાં છે એ જ વિશિષ્ટ પ્રકારનાં પ્રેમ અને કરુણા દરેકના અંતરમાં ઊંડે ઊંડે પહોંચશે અને આ જગતને સર્વનાશમાંથી ઉગારશે.

લોકો પોતે જે માને તે પ્રભુના સ્વરૂપમાં- પછી તે 'ૐ' હોય કે પછી પ્રભુનું બીજું કોઈ પણ સ્વરૂપ હોય-પણ પોતાની જાતને શોધે, એ માટે હું ઘણો જ પરિશ્રમ કરું છું. અલબત્ત, ઈશ્વર સર્વત્ર એક જ છે. એથી કોઈ ગમે તે એક ઈશ્વરને માને એમાં કશો ફેર પડતો નથી, કેમ કે એ બધું જ એક છે.

અંધકારગ્રસ્ત ભૂમિમાં પ્રભુ ખાતર પ્રેમ એ જ માત્ર પ્રકાશ છે.

મોટા, તમારા ભક્તો 'હરિઃૐ'નો જપ કરવા માટે મૌનમંદિરોનો ઉપયોગ કરવાનું બંધ કરી દે એવી દહેશત-ચિંતા મને રહ્યા કરે છે. તેઓને કદાચ એમ લાગે કે આ રોબિન આટલો બધો લાંબો સમય મૌનએકાંતમાં રહ્યો એટલે આવો અસ્થિર, ચંચળ, ગાંડા જેવો બની ગયો છે ! આવું થાય તો પછી મૌનએકાંતમાં જવાનું સાહસ કોણ કરશે ?

જીવનને સમજવા માટે અને પ્રભુના અંશ બનવા માટે જે સૌથી વધુ પવિત્ર અને ઝડપી માર્ગો છે, એમાંનો એક માર્ગ આ પ્રકારનું મૌનએકાંત છે. આ મારી સ્પષ્ટ માન્યતા છે. મૌનમંદિર આ જગત પરની એક પવિત્ર શાળા છે. ત્યાં ગુરુના કોઈપણ પ્રકારના આગ્રહ-પૂર્વગ્રહોથી મુક્ત તેમ જ કોઈપણ પ્રકારની કાલ્પનિક માન્યતાઓથી મુક્ત શિક્ષણ પ્રાપ્ત થાય છે.

સત્ય, શાંતિ અને પ્રભુ માટેના સાચા પ્રેમની તીવ્ર અભીપ્સા-લગનીની મૌનમંદિરમાં અપૂર્વ તક પ્રાપ્ત થાય છે. આટલા માટે જ હરિઃૐ આશ્રમો ચાલુ રાખવા જોઈએ. મૌનએકાંતની સાધનામાંથી બહાર નીકળ્યા પછી જીવન માટે, જીવનના હેતુ માટે સુધ્ધાનું-આશાનું પ્રકાશ કિરણ લાધે છે. જ્યાં સુધી અંતરતર સક્રિયપણે અંતરમાં વ્યક્ત ન થાય ત્યાં સુધી પ્રત્યેક જીવના અંતરમાં સાધનાપથનું માર્ગદર્શન આપમેળે જ સ્ફૂટ થતું રહે છે.

હરિઃૐ આશ્રમો ચાલુ રહેવા જોઈએ. જેમને જીવનમાં પુરુષાર્થ કરી અધ્યાત્મમાર્ગે મથવાની હિંમત અને શ્રદ્ધા છે એમને સૌને માટે આ મૌનએકાંત મંદિરો ભવિષ્યમાં ખુલ્લાં રહે એવી હું આશા રાખું છું. આથી, કેટલાક પોતાના અંતરમાં વસેલા પ્રભુની વાસ્તવિકતાની ખોજ કરવાનું 'સિંહહૃદય' ધરાવતા શૂદ્રોને માટે પણ શક્યતા રહે. એથી તેઓ જીવનમાં એક અનોખી આશાનો તેજ-સ્ફુલિંગ, દિવ્ય હેતુપૂર્ણ ભક્તિભર્યું જીવન અને પ્રભુનો પ્રેમપ્રકાશ જગતને ચરણે ધરવા શક્તિમાન બની શકે.

પ્રેમભર્યું મારું આ નિવેદન હું પ્રભુના પ્રેમના બળે જ આપની સમક્ષ કરું છું. સપ્રેમ પ્રણામ

નારાયણ (રોબિન)

'પૂજ્ય શ્રીમોટા : જીવન અને કાર્ય', પ્ર. આ., પૃ. ૬૯૯ ❑

# (૧૦) ધરતીનો છેડો ઘર

**સ્વામી માધવપ્રિયદાસ**

વાસ્તવમાં કોઈ પણ ગોળ વસ્તુનો છેડો શોધવો કઠણ છે.

ઘાંચીની ઘાણી ગોળ છે એટલે ઘાંચીનો બળદ ગોળ ગોળ ફર્યા જ કરે છે. બળદને છેડો મળતો નથી. રૂપિયો ગોળ છે એટલે તો માણસજાત આખી જિંદગી એની પાછળ રખડે છે પણ રૂપિયાનો છેડો હાથમાં આવતો નથી. લખ ચોરાશી યોનિની યાત્રા પણ ગોળ ગોળ કૂંડાળાં જેવી છે. લખ ચોરાશીના ફેરામાં જીવ ભટક્યા જ કરે છે પણ આ ગોળ ગોળ યાત્રાનો અંત આવતો નથી. ધરતી ગોળ છે એટલે એનોય છેડો હાથમાં આવવો કઠણ છે.

આવી પરિસ્થિતિમાં गतानुगतिको लोकः ।।ની જેમ એકની પાછળ બીજો, બીજાની પાછળ ત્રીજો એમ ફર્યા જ કરો અથવા તો મન ફાવે ત્યાં થોડા સમય માટે તંબૂ તાણીને ધરતીનો છેડો કલ્પી લો એ જ એકમાત્ર રસ્તો છે. હકીકતમાં ગોળ વસ્તુનો કોઈ છેડો હોતો જ નથી. છેડો તમારે કલ્પવો જ પડે છે.

સામાન્ય રીતે એવી માન્યતા છે કે જાપાન ઊગતા સૂરજનો દેશ છે. વાસ્તવમાં દુનિયાનો કોઈપણ દેશ ઊગતા સૂરજનો દેશ હોવાનો દાવો ધરાવી શકે અને નવાઈની વાત એ છે કે જે ઊગતા સૂરજનો દેશ હોવાનો દાવો ધરાવે છે એને આથમતા સૂરજનો દેશ બનતા વાર નથી લાગતી.

આ ગોળ ગોળ યાત્રામાં ઉદય અને અસ્તની ઘટમાળ હરકોઈ સાથે અચૂક જોડાયેલી છે. જડ હોય કે ચેતન, ઉદય અને અસ્તનો નિયમ હરકોઈને લાગુ પડે છે. ઝાડ અને પહાડ ઊગે છે અને આથમે છે. માણસ, પશુપંખી, પ્રાણીમાત્ર ઊગે છે અને આથમે છે. સત્તા અને સંપત્તિ ઊગે છે અને આથમે છે. આ ઉદય અને અસ્તની યાત્રામાં ક્યાંક તો વચલો મુકામ કરવો જ પડે છે. માનવજાત માટે આવો મુકામ એટલે ઘર. **સંસારીઓને ઘર ધરતીનો છેડો છે. સાધુ સંન્યાસીઓ માટે મઠો, મંદિરો, આશ્રમો ધરતીના છેડા છે.**

અરે ! અલૌકિક ધરતી ઉપરથી ભૂતલ ઉપર અવતરતા તથાગતો, તીર્થંકરો, અવતારો અને આચાર્યો પણ થોડા સમય માટે ધરતીના છેડાને શોધી લેતા હોય છે. કોઈના માટે કૌશલ્યાનું આંગણું ધરતીનો છેડો છે, કોઈના માટે ગોકુલ અને વૃંદાવન ધરતીનો છેડો છે. છપૈયામાં પ્રગટેલા ભગવાન સ્વામીનારાયણે નાની ઉંમરે ઘરનો ત્યાગ કરેલો પણ ભક્તોના નિર્મળ પ્રેમને વશ થઈને ગઢપુરને પોતાનું ઘર માનેલું.

સામાન્ય રીતે એક સર્વ સામાન્ય અનુભવ છે. ભાડાનું મકાન ગમે તેટલું સુંદર હોય પણ જ્યાં સુધી પોતાનું 'આગવું' ઘર ન થાય ત્યાં સુધી જીવને જંપ વળતો નથી. સારામાં સારી વૈભવી હોટલોમાં રાતોની રાત વિતાવનારાઓ જ્યારે ઘરે આવે ત્યારે જ એને નિરાંત થાય છે.

ભગવાન સ્વામીનારાયણ કહે છે, માણસ પરદેશ કમાવા જાય છે અને પાછો ઘરે આવે છે. પંખી ચણ ચણીને માળે આવે છે. ધણિયાતા ઢોર ખીલે આવે છે. હરાયા ઢોર જ્યાં ત્યાં રખડ્યા કરે છે. પશુ પંખીઓ પણ પોત પોતાના ધરતીના છેડા શોધે છે. પંખીઓ તો માણસ કરતાં પણ વધારે શોખીન છે. તેઓ ક્યારેય જૂના માળામાં રહેતા નથી. દર વર્ષે નવા માળા બનાવે છે. કીડીઓના દર અને ઉધઈના રાફડાઓ તો

ભલભલા ઍજિનિયરોને પણ અચંબો પમાડે એવા હોય છે !

પંખીઓમાં 'સુઘરીઓના માળા' ભારે વખણાય છે. જોકે જાણકારોના કહેવા પ્રમાણે સુઘરીનો માળો હકીકતમાં સુઘરાએ જ બાંધ્યો હોય છે ! સુઘરી ક્યારેય માળો બાંધતી નથી. સુઘરીનું કામ તો સુપરવાઇઝરની પેઠે રોફ મારવાનું અને નિરીક્ષણ કરવાનું જ હોય છે. સુઘરાએ મહેનત કરીને બાંધેલો માળો જો સુઘરીને ન ગમે તો સુઘરી માળાને તોડીને ફેંકી દે છે. પેલો બિચારો ગરીબ ગોલા જેવો સુઘરો ફરી માળો બાંધવા મથે છે. મેમ સાહેબને રાજી રાખવા મજૂરી તો કરવી પડેને ! આશ્ચર્યની વાત એ છે કે માળો સુઘરાએ બાંધ્યો હોય છતાં કહેવાય 'સુઘરીનો માળો !' મહેનત સુઘરાની અને માલિકી હક સુઘરીનો ! માણસ જાતને આ વાત કેટલે અંશે લાગુ પડે છે એ તો રામ જાણે !

સંસ્કૃતમાં ઘરને 'ગૃહ' કહે છે. ગૃહ શબ્દની વ્યાખ્યા આ પ્રમાણે છે. गुह्याति इति गृहम् ॥ અથવા તો गृह्यते इति गृहम् ॥ માણસને પકડી રાખે તે ઘર અથવા તો માણસ જેને પકડી રાખે તે ઘર. પશુ દોરડાથી ખીલે બંધાય છે એમ મમતાની દોરડીએ જીવ ઘર સાથે જકડાય છે. વાસ્તવમાં માણસ ઘરને પકડે છે કે ઘર માણસને પકડી રાખે છે એ કોયડાનો જવાબ તો દરેક વ્યક્તિ પોતાની જાતને પૂછીને જ આપી શકે. ઘર માટે એક વાત સમજવા જેવી છે. ઈંટ ચૂનાની ચાર દીવાલો ઘર નથી. વાસ્તવમાં પ્રેમાળ 'ગૃહિણી' જ ઘર છે. ચાર દીવાલો કલેવર છે. ગૃહિણી એનો આત્મા છે.

સંસ્કૃત સાહિત્યમાં એક ઉક્ત છે, न गृहम् गृहमेवास्ति गृहिणी गृहमुच्चते ॥ ઘર ઘર નથી અસલમાં તો ઘરવાળાં જ ઘર છે. એટલે તો સંસારમાં જ્યારે કોઈનાં ઘરવાળાં ગુજરી જાય છે ત્યારે લોકો કહે છે, 'ભાઈ ઘરભંગ થયા.' વાસ્તવમાં ઘર તો નવું નકોર ઊભું હોય પણ ઘરવાળાં ઉપરવાળાં થાય એટલે ઘર ભાંગી ગયું કહેવાય ! થોડા દિવસ પછી પેલા ભાઈ 'બીજવર' બને એટલે લોકો કહે કે 'ભાઈએ નવું ઘર કર્યું' અર્થાત્ એના હાથમાંથી ધરતીનો છેડો છૂટી ગયો હતો તે એણે ફરીથી શોધી લીધો.

દાંપત્ય જીવનમાં પ્રેમાળ પત્નીના સથવારા જેવો બીજો કોઈ સથવારો નથી અને સહારો પણ નથી. પુરુષને માની ગોદ કરતાં પણ પત્નીનું સામીપ્ય વધારે હૂંફાળું લાગે છે. એટલે તો એ પરણ્યા પછી માબાપને છોડી મૂકે છે પણ પત્નીને છોડી શકતો નથી. પ્રેમથી ઊભરાતી ઝૂંપડી રાજભવનોથી પણ અદકેરી હોય છે અને પ્રેમશૂન્ય રાજભવનો જીવતા મડદાઓથી ઊભરાતાં મસાણ સમાન હોય છે.

ઓશોએ એક સંતની વાર્તા કહી છે જેનો સાર કંઈક આવો છે :-

એક અલગારી સંતને કોઈએ વસ્તીનો મારગ પૂછ્યો. પેલા મસ્તરામ સંતે કબ્રસ્તાન તરફ આંગળી ચીંધી ! મુસાફરે કહ્યું, 'સાંઈ ! આ તો કબ્રસ્તાન છે. મેં તો વસ્તીનો મારગ પૂછ્યો છે !' સંતે કહ્યું 'ભાઈ ! જ્યાં લોકો શાંતિથી સાથે વસે એને 'વસ્તી' કહેવાય. આ જગ્યા જ એક એવી છે કે અહીં લોકો શાંતિથી સાથે સૂતા છે. બાકી, તું જેને વસ્તી કહે છે એ તો હરતાં ફરતાં મુરદાઓની મસાણ છે !'

આધ્યાત્મિક દૃષ્ટિએ વિચારીએ તો આપણે જે ધરતી ઉપર રહીએ છીએ ત્યાં ક્યાંય 'ઘર' છે જ નહિ. જે છે તે 'ધર્મશાળા' માત્ર છે. અજ્ઞાની જીવ ધર્મશાળાને ઘર માની જિંદગીભર

ઘાંચીના બળદની જેમ ગોળ ગોળ ફર્યા કરે છે.

અસલમાં આપણો સાચો મુકામ તો અન્યત્ર છે. આપણે આપણો અસલી મુકામ ભૂલી ગયાં છીએ. આપણે પરદેશને દેશ માની લીધો છે. માણસ ધર્મશાળામાં એક કે બે રાત રહે છે. જ્યારે ઘરમાં માણસ થોડાં વર્ષો વીતાવે છે. આખરે તો બિસ્તરાં પોટલાં જ ઉઠાવવા જ પડે છે. એટલે તાત્ત્વિક દૃષ્ટિએ ઘર કે ધર્મશાળામાં કોઈ ફરક નથી. કોઈ સંતે કહ્યું છે,

**'જીવ શાને ફરે છે ગુમાનમાં,**
**તારે રહેવું ભાડાના મકાનમાં.'**

આ આપણી લખચોરાશીની જાત્રાનો જ્યાં અંત આવે એને જ આપણું અસલી ઘર કહેવાય એને જ ધરતીનો છેડો ગણી શકાય.

મને વર્ષો પહેલાંનો એક પ્રસંગ યાદ આવે છે. હું નવો નવો સાધુ થયેલો. રાજકોટ ગુરુકુલ ખાતે વૅકેશન પૂર્ણ થતાં નવા નવા વિદ્યાર્થીઓ ગુરુકુલમાં પ્રવેશ મેળવી રહ્યા હતા. નવાં બાળકોને શરૂઆતમાં સ્વાભાવિક રીતે જ ઘર બહુ સાંભરે એટલે રડે. વ્યવસ્થાપકો અને સંતો એમને સમજાવી ફોસલાવી ધીરે ધીરે સ્થિર કરે. નવા સત્રના આરંભે માબાપ બાળકોને ન મળે એ ઇચ્છનીય હોય છે. કારણ કે બાળકની સાથે માવતર પણ રડવામાં સૂર પુરાવે ત્યારે પ્રશ્ન વધારે ગૂંચવાઈ જતો હોય છે.

બાળમાનસ અજાયબ હોય છે. ઘણાને ઘર સાંભરે અને રડે, ઘણાને મિત્રો સાંભરે અને રડે, ઘણાને માતાપિતા સાંભરે અને રડે, ઘણાને શેરીના ગલુડિયાં સાંભરે અને રડે ! એક વિદ્યાર્થી સતત રડ્યા જ કરતો હતો. એણે ઘેર પાછા જવાની હઠ લીધી હતી. વ્યવસ્થાપકો સમજાવીને થાક્યા પણ બાળક રડતો બંધ જ ન થાય અને એક જ રટણ હતું. 'મારે ઘરે જવું છે અહીં નથી રહેવું.' વ્યવસ્થાપક એ બાળકને મારી પાસે લાવ્યા અને બોલ્યા, 'સ્વામી ! આને સમજાવો. આ વિદ્યાર્થી ખાતો નથી, પીતો નથી, સ્કૂલે જતો નથી. બસ ઘર સંભારીને રડ્યા જ કરે છે.'

મેં મનોવૈજ્ઞાનિક રીતે વિદ્યાર્થીના માનસને અન્યત્ર વાળવા જાતજાતના પ્રયોગો કર્યા. નાના નાના ટુચકા અને વાર્તા કહેવા માંડી. વાર્તામાં બાળકને થોડો રસ પડે એટલે થોડીવાર છાનો રહી જાય પણ વાત પૂરી થાય એટલે પાછું વાજું વગાડવાનું શરૂ કરે ! 'મારે ઘરે જવું છે. મને મમ્મી સાંભરે છે.' વિદ્યાર્થીએ કોઈ રીતે ઘરની રઢ ન મેલી.

આ રીતે વિદ્યાર્થીને ઘર સાંભરીને રડતો જોઈને મારા હૃદયમાં કોઈ જુદી જ જાતની સંવેદના વંટોળની જેમ ઊઠવા માંડી અને મારું હૈયું પણ ભરાઈ આવ્યું. મને મનમાં થયું આ બાળકને જેટલી તીવ્રતાથી એનું ઘર સાંભરે છે એટલી તીવ્રતાથી મને મારો અસલી મુકામ ક્યારે સાંભરશે ? ઘાંચીના બળદની જેમ લખ ચોરાશીમાં ગોળ ગોળ ફરતી જીવનયાત્રાનો છેડો ક્યારે આવશે ? અસલ મુકામે પહોંચવા માટે ઘરબાર છોડીને ભેખ લીધા પછી પણ જો સાધુઓને ધર્મશાળા જેવા મઠો, મંદિરો અને આશ્રમો ઘર જેવા લાગવા માંડે તો મૂળ ધ્યેયથી ભટકી જવાય છે. અસલી મુકામ ભુલાઈ જાય ત્યારે ધરતીનો છેડો હાથમાં આવવો દુષ્કર બની જાય ! માટે જ અધ્યાત્મ પંથના પ્રવાસીના મનમાં સતત ગુંજારવ થતો રહેવો જોઈએ, કે જ્યાંથી ફરીથી પાછું આવવું જ ન પડે એવા ઘેર પહોંચવાનું છે.

'શ્રીરંગ સેવા : પુસ્તિકા-૭', માંથી સાભાર સંકલન ❑

## (૧૧) અહંકારનું ઉન્નયન

શ્રીમોટા

જીવનવિકાસમાં આડે આવનારાં જે કોઈ આવરણો છે, તેમાં અહંકાર જેવું સૂક્ષ્મ ને બળવાન બીજું કોઈ તત્ત્વ નથી. કેટલાક લોકો એને ઓળખીને પોતાનામાંથી એને કાઢવા મથે છે અને એવા એમના પ્રયત્ન પછી કેટલીકવાર તેઓ કહે છે કે, 'મારામાં હુંપદ કે અભિમાન નથી,' પરંતુ આ માત્ર તેમની ભ્રમણા છે અહંનું તત્ત્વ બહુ મોડું ઓગળવા માંડે છે.

જીવદશાનું અહમ્ જેમ નકારાત્મક છે, તેમ સાધનામાં અને સાધનાના પ્રારંભમાં જીવદશાનું ઊર્ધ્વીકરણ થવામાં અહંને સાધન તરીકે જો લઈએ, તો તે સહાયક પણ છે.

અહંકારનું પ્રતિરોધક સ્વરૂપનું વર્ચસ્વ આપણે કલ્પી પણ ન શકીએ એટલી જીવનની ઊંચી કક્ષામાં પણ પ્રવર્તતું હોય છે. એટલે એને તો જેટલા વધુ અને જબરા ફટકા પડે એટલા પ્રસંગોને આપણે હેતુના જ્ઞાનભાવથી સ્વીકારી લઈએ, તો અહંનું ઉન્નયન થવાને માટે તે શ્રેયસ્કર છે.

અહંકાર નવાં નવાં રૂપો ધારણ કરે છે. જીવનની જેમ જેમ ઉચ્ચતર અને ઉચ્ચતમ કક્ષાઓ પ્રગટે છે, તે તે કાળે પણ અહંનું સૂક્ષ્મતર ને સૂક્ષ્મતમ સ્વરૂપ બદલાતું રહે છે. તે તૂટી ગયેલા જેવું લાગે અને છિન્નભિન્ન થયેલું પણ લાગે અને તેનું માથું કપાઈ ગયેલું હોય, તોપણ તેને નવાં નવાં માથાં ફૂટે છે અને તેનો વેશ પણ જુદા જુદા પ્રકારનો થઈ જાય છે.

દેખીતી નમ્રતામાં ભારેમાં ભારે અહંકાર છુપાયેલો પડ્યો હોય છે, તે પણ એક નક્કર અનુભવની હકીકત છે. અહંની આવા પ્રકારની સૂક્ષ્મ ચાલબાજીને ને તેની કળાને સમજવી એ બહુ દોહ્યલું છે, પરંતુ ખરેખરી ભાવનાથી ને હેતુના જ્ઞાનભાન સાથે સાધના એકધારી થયા કરતી હોય છે ત્યારે તેમાંથી ફલિત થતો વિવેક પણ એટલો તો સૂક્ષ્મતમ પ્રગટેલો હોય છે કે જેનાથી કરીને આપણે અહંને પકડી પાડી શકીએ છીએ અને તેને યોગ્ય પ્રકારનો વળાંક આપવામાં પણ પ્રભુકૃપાથી ફાવી શકીએ છીએ. એમાં પણ હારજીત તો થયા કરે છે. પરંતુ હારમાં પણ જો તેની સામે જીવતોજાગતો જ્ઞાનયુક્ત સામનો થયા કરતો હોય તો તેવી હારમાંથી પણ આપણે જીવનની કળા શીખી લઈએ છીએ.

જીવનના પ્રત્યેક તબક્કે યુદ્ધ રહેલું જ છે. એવું જીવનસંગ્રામનું યુદ્ધ, એવો દૈવાસુરસંગ્રામ જીવનમાં સતત ચાલી રહેલો છે એવો અનુભવ જીવનવિકાસના સાધકને થયા વિના રહેતો નથી.

અહં તો એવું છે કે તે ક્યાં છુપાયું છે, તેની ખબર પણ પડવી ઘણી મુશ્કેલ છે. જીવનમાં વિચાર, વાણી, વર્તન, કર્મનું તટસ્થપણે નિરીક્ષણ ને પૃથક્કરણ કરવાનો અભ્યાસ પ્રગટી જાય ત્યાર પછી અહંકાર ક્યાં ક્યાં એને પ્રેરે છે તેની ઓળખ પડવા લાગે છે, તે પહેલાં નહિ. સમજણો, માન્યતાઓ, ટેવો, આગ્રહો વગેરેને ટકાવી રાખવામાં આપણો અહં મોટો ભાગ ભજવે છે. અહંને કારણે મડાગાંઠો ઓગળી જઈ શકતી નથી.

'જીવનદર્શન', પ્ર.આ.પૃ.૨૯ ❑

॥ હરિઃૐ ॥





મનવાણીના ભાવો કર્મ વિષે ઊતરો, પ્રભુ. (૨)
મનવાણીને દિલને (૨) કૃપાથી એક કરો. ૐ શરણ.

મન, મતિ, પ્રાણ પ્રભુ ! તુજ ભાવ થકી ગળજો, પ્રભુ (૨)
દિલમાં તુજ ભક્તિની (૨) છોળો ઊછળજો. ૐ શરણ.

- શ્રીમોટા





**HARIBHAV DECEMBER - 2014**

Regd. under RNI No. 65683/96 & Permitted to Post at AHD PSO
on 10th of every month under Postal Reg. No. GAMC/1208 / 2012-2014
issued by SSP AHD valid upto 31-12-2014
Licence to Post without Perpayment of postage No. CPMG/GJ/91/2014
valid upto 31-12-2014

स्वच्छ भारत
एक कदम स्वच्छता की ओर



**ફિનિક્સમાં હતો ત્યારે કેવળ નામથી જ નહિ, પણ હકીકતમાં ભંગી બન્યો છું....**
**ત્યાં મેં મારા હાથમાં ડોલ અને ઝાડુ લીધાં હતાં.**

- ગાંધીજી

'નવજીવનનો અક્ષરદેહ', સપ્ટેમ્બર-૨૦૧૩
આવરણ -૧ અને પૃ. ૨૩૫

Printed and Published by **PRABHUDAS D. JANI** on behalf of HARIWANI TRUST and
Printed at Sahitya Mudranalaya Pvt. Ltd., 55/15, City Mill Compound, Kankaria Road,
Ahmedabad - 380 022 and published from Hariwani Trust,
B/5, Swastik Apartment, Narayannagar, Paldi, Ahmedabad - 380 007
Editor - **PRABHUDAS D. JANI**